॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ફેબ્રુઆરી ૨૦૧૩
રૂા. ૫/૦૦



આપણા પ્રસિદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં ધનુર્માસમાં ચાલતી મહામંત્રની ધુનમાં પ્રભુ પ્રસન્ન કરવા ઉમટેલો માનવ મેરામણ અને આપણા સંતો તથા પૂજ્યપાદ મહારાજશ્રી.




દર વર્ષે ભુજ મંદિરમાં શાકોત્સવની સ્મૃતિમાં ઉજવાતો આ અનેરો ઉત્સવ.





કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજ સત્સંગ પ્રવાસ યાત્રા, માનકુવા.





શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતી ભુવનમાં ધનુર્માસમાં ધુન તથા શાકોત્સવ. મુંબઈ-પાર્લે



ધનુર્માસમાં ધુન કરતા વિદ્યાર્થી તથા ભકતો-માંડવી



સ્વામિનારાયણ મંદિર ગોધરા-માંડવીમાં શાકોત્સવ





અંજાર : સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ તથા ધનુર્માસની પૂર્ણાહુતિમાં મહાઆરતી કરતા ભકતો

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક





**લેખકોને ખાસ વિનંતી**

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- *અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.*
- *પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.*

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૩ અંક - ૨ -ફેબ્રુઆરી–૨૦૧૩
સળંગ અંક - ૩૨૬

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,

ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.

ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org

**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

દિલ્હીની ‘દામિની’એ અધઃપતનની ગર્તામાં ધકેલાતા સમાજની દુર્દશા દર્શાવી દીધી છે. આખા દેશના યુવાવર્ગે આ દારૂણ ઘટનાને વખોડી પોતાનો તીવ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે. પરંતુ આ બધું ‘આગ લાગે ત્યારે કૂવો ખોદવો’ એવું ભાસે છે. ખરેખર તો આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે સમાજે જાગૃત રહેવું જોઇએ. સમાજમાં આવી પરિસ્થિતિનું નિર્માણ થવાનું કારણ શું છે ? આવી પરિસ્થિતિ માટે જવાબદાર કોણ છે ? વિચારવા યોગ્ય પ્રશ્નો છે.

નીતિમત્તા, સદાચાર અને સ્ત્રીદાક્ષિણ્યની બાબતમાં ભારતની સમાજ વ્યવસ્થા વિશ્વમાં શ્રેષ્ઠ ગણાય છે કારણ કે તે આધ્યાત્મિક સંસ્કારો અને ધર્મપરાયણતાને પ્રાધાન્ય આપે છે. પરંતુ વર્તમાન સમય કંઇક જુદું જ દ્રશ્ય દર્શાવે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની વિકૃતિ, સિનેમા અને ટી.વી.માં દર્શાવાતા અભદ્ર અશ્લીલ દ્રશ્યો અને નૃત્યો, ઇન્ટરનેટ દ્વારા ફેલાતી ચારિત્ર્યને શિથિલ કરતી કામોત્તેજક બાબતોએ યુવાવર્ગના માનસમાં વિકાર ભરી દીધો છે. વડીલવર્ગે પણ આ બાબતના પરિણામોની ચિંતા સેવી નથી. તેથી સમાજનું માનસકિ અધઃપતન થયું છે. આવા વિકારો દૂર કરવાનો અને સમાજને સુખી, સંસ્કારી, સમૃધ્ધ અને સુરક્ષિત બનાવવાનો કોઇ ઉપાય ખરો ?

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી જેમાં સંપૂર્ણ માનવ સમાજ માટેની ભલામણો સમાયેલી છે. છે નાની પણ સમગ્ર દુનિયાના લોકોને સંસ્કાર સંપન્ન બનાવી દે એવી છે. જરૂર છે, દરરોજ નિયમિત વાંચન અને ચિંતન અને સાથે સંત સમાગમ. માનવ સમાજમાં કોઇ પણ અઘટિત ઘટના ઘટે છે ત્યારે કોઇ એક વ્યકિતનો વાંક નથી હોતો. બન્ને હાથ ભેળા થાય ત્યારે તાલી વાગે છે. શિક્ષાપત્રીમાં બતાવેલ બ્રહ્મચારી અને સંતો, ગૃહસ્થો, આચાર્યો, સધવા, વિધવા બહેનો વગેરે માટે બતાવેલ ધર્મોનું અનુસરણ કરવામાં આવે તો જરૂર સમાજમાં દિવ્યતા અને પરસ્પર પ્રેમ સદ્ભાવના વધે. બાકી કામાદિ દોષો તો તાકીને બેઠા છે થોડી સંસ્કારોની, ધર્મની, નજર હટી સંત સમાગમ ઘટ્યો તો દોષો એક વ્યકિતને નહીં બ્રહ્માંડને અરાજકતાથી ભરી દે એવા બળવાન છે.

અધર્મથી બચવા સત્સંગનું સેવન કરો, ઘરને મંદિર બનાવો, રોજ ઘરમાં બિરાજમાન ઠાકોરજીની આગળ દીવા–અગરબત્તી આરતી તથા સાથે મળી સત્શાસ્ત્રોનું વાંચન સમૂહમાં કરો અને તમારા બાળકોને પ્રેમ–વ્હાલ સાથે સંસ્કારોનું સિંચન કરો અને મંદિરોમાં ચાલતાં સંસ્કાર કેન્દ્રો શ્રી ઘનશ્યામ બાળ /બાલિકા મંડળમાં મોકલો. યુવાનો–યુવતીઓ યુવક મંડળની ચાલતી સત્સંગ સભાઓમાં ભાગ લે તો શકય છે આપણે બચી શકીએ.

કામવાસના અતિ આક્રમક છે, એના પ્રહારથી વિદ્વાનો, ઋષિ–મુનિઓ, દેવો પણ પરાજિત થઇ ચૂકયા છે. પરંતુ દ્દઢ મનોબળ અને ધાર્મિક સંસ્કારોની ઢાલથી આ આક્રમણને ખાળી શકાય છે. એવી પરિસ્થિતિનું નિર્માણ જ થવા ન દેવું કે વાસનાના શિકાર બની જવાય. તેથી જ તો શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ૧૩૬મા શ્લોકમાં સ્પષ્ટ રીતે બોધ આપેલો છે કે પુરુષે યુવાવસ્થાએ યુક્ત એવી પોતાની મા, બહેન કે દીકરીને સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું.

શિક્ષાપત્રી તો ભવસાગરને સરળ અને સહજ રીતે પાર કરાવનારી એવી નૌકા છે જે અક્ષરધામનો અધિકાર અપાવી શકે છે. અનેક ધર્મમાં મોટી સંખ્યામાં ધાર્મિક ગ્રંથો અને શાસ્ત્રો રચાયાં છે અને આદર પામ્યાં છે. પણ એવા ઓછા ગ્રંથો છે જેને લોકોએ એટલી હદ સુધી સ્વીકાર્યા છે કે આવા ગ્રંથોની જયંતી ઉજવાય. પરંતુ સર્વોચ્ચ ગુણવત્તા યુક્ત જીવન જીવવાના સાચા પથનું પ્રદર્શન કરાવવાના કારણે શિક્ષાપત્રીને આ સન્માન પ્રાપ્ત થયું છે. વસંત પંચમીએ સમગ્ર વિશ્વમાં ‘શિક્ષાપત્રી જયંતી’ ઉમંગથી આદરભાવ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવાય છે. ‘શિક્ષાપત્રી જયંતી’ નિમિત્તે ચાલો આપણે પણ સંકલ્પ કરીએ કે શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આપેલ આજ્ઞાઓને ચૂસ્તપણે અનુસરીને પોતાના જીવનને, કુટુંબ અને સમાજને સદાચારી બનાવીશું. જય શ્રી સ્વામિનારાયણ...



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

**વેદોપબૃહ્મણ રૂપ બ્રાહ્મણ ગ્રન્થ યુગ** **લેખાંક-૧૭**

**લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી**



સમય જતાં ધીરે ધીરે પુનઃ જીવમાં કઠિન સાધનાનું સ્તર ઘટવા લાગ્યું. વેદાધ્યયનની સાધના ઓછી થવા લાગી તેથી લોકોની બુદ્ધિનો વિકાશ રુન્ધાયો, સ્તર ઓછુ થયું વેદ, સંહિતા અને બ્રાહ્મણ્યગ્રન્થના રહસ્યને પણ સમજી શક્યા નહી તેથી તેનું અધ્યયન-અધ્યાપન ઘટવા લાગ્યું પુન લોકોનું જીવન બદલાયું. આધ્યાત્મિક માર્ગ પ્રત્યે અરૂચિ અને ભૌતિકમાં વિશેષ રૂચિ થઇ અને તે માર્ગે ચાલવા લાગ્યા. જીવોની આવી દુર્દશા જોઇને કઠીન સાધનામાં અને વેદાધ્યયનમાં જીવન વિતાવતા ઋષિઓએ વેદ અને વેદમૂલક બ્રાહ્મણ્યગ્રન્થના રહસ્યને સમજાવવા માટે લોકોની બુદ્ધિની યોગ્યતાને ધ્યાનમાં રાખીને વેદોના સાર રુપ આરણ્યક ગ્રન્થોનું અવતરણ થયું. ત્યારથી આરણ્યક કાળનો પ્રારંભ થયો. ઋષિઓ જેવી રીતે મનુષ્યોની બુદ્ધિની યોગ્યતા પ્રમાણે વેદોનું જ્ઞાન આરણ્યક ગ્રન્થો દ્વારા આપ્યું તેવી જ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ જ્યારે જ્યારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો સત્સંગ સભામાં ઉપદેશ આપતા ત્યારે સભામાં બેઠેલા ભક્તોની શ્રદ્ધા પ્રમાણે શાસ્ત્રોનું જ્ઞાન આપતા.

આરણ્યક ગ્રન્થો બ્રાહ્મણ ગ્રન્થોનો અંતિમ ભાગ છે. 'आरण्ये भवम् इति आरण्यकम्' આરણ્યક ગ્રન્થના અવતરણથી લોકોમાં પુનઃ ચેતના જાગી અને તેના અધ્યયન પ્રત્યે જિજ્ઞાસા ઉત્તપન્ન થઇ. તેના અધ્યયનથી લોકો વેદના અર્થને સમજવા લાગ્યા. તેથી વેદ અને વેદોપબ્રહ્મક ગ્રન્થોને વિષે લોકોની પુનઃ શ્રદ્ધા અને વિશ્વાસ વધ્યો. પુનઃ લોકોમાં અધ્યયન-અધ્યાપનનું પ્રમાણ વધ્યું તેથી વેદ અને વેદમૂલક બ્રાહ્મણ્ય અને આરણ્યક ગ્રન્થના રહસ્યને યથાર્થ સમજવા લાગ્યા. આ રીતે વેદમૂલક આરણ્યક ગ્રન્થો દ્વારા વૈદિક સંપ્રદાયની પરંપરા ટકી રહી. આ યુગને આરણ્યક યુગ કહેવાય.

**આરણ્યક ગ્રન્થોનો સમય**

સમયની ગણતરી કરીએ તો બ્રાહ્મણ પછીનો તરત જ બીજો યુગ આરણ્યક આવે છે. ગંગા-યમુનાના કિનારાનો પ્રદેશ અત્યંત પવિત્ર તથા મુનિઓનો નિવાસ પ્રદેશ કહેવાય છે. આરણ્યક ગ્રન્થોની ભાષા સામાન્યતઃ બ્રાહ્મણ ગ્રન્થોની સમાન જ છે પરન્તુ તેનાથી સરલ છે. પ્રાયઃ વૈદિક અને લૌકિક સંસ્કૃતની વચ્ચેની ભાષા છે. શૈલીમાં વર્ણનાત્મકતા છે.

**આરણ્યક ગ્રન્થોની સંખ્યા**

આરણ્યક ગ્રન્થોની સંખ્યા પણ બ્રાહ્મણ ગ્રન્થોની સમાન ગણી હતી. પરન્તુ કાળક્રમવશાત્ કેટલાંક આરણ્યક ગ્રન્થો ઉપલબ્ધ છે. બ્રાહ્મણ ગ્રન્થોની જેમ આરણ્યક પણ અલગ અલગ સંહિતાઓથી જોડાયેલ છે. પ્રસિદ્ધ 'આરણ્યક' આ પ્રમાણે છે.

**ઋગ્વેદ :** ઐતરેયારણ્યક અને શાંખ્યાયનારણ્યક છે.

શુક્લયજુર્વેદ : આ વેદનો વાસ્તવમાં કોઇ આરણ્યક નથી. શતપથ બ્રાહ્મણ અંતર્ગત બૃહદારણ્યક ઉપનિષદ્‌માં અવશ્ય યજ્ઞોનું વર્ણન છે. તેથી તેને જ આરણ્યકનું સ્થાન પ્રાપ્ત થયું છે.

**કૃષ્ણયજુર્વેદ :** બે આરણ્યક છે. તૈત્તિરીય આરણ્યક તથા મૈત્રાયણીય આરણ્યક.

**સામવેદ :** આ વેદનાં બે આરણ્યક છે. તલવકાર આરણ્યક, જેને જૈમિનીય ઉપનિષદ્ બ્રાહ્મણ પણ કહેવાય છે. આમાં બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્ ત્રણે સમાહિત છે. બીજું આરણ્યક છે છાંદોગ્ય આરણ્યક.

**અથર્વવેદ :** અથર્વવેદનું કોઇ આરણ્યક નથી.

ઋગ્વેદના આરણ્યક ગ્રન્થો : ઋગ્વેદનો આરણ્યક ઐતરેય આરણ્યક અને કૌષીતક આરણ્યક. ઐતરેય આરણ્યકમાં ૧૮ અધ્યાય છે. તે આશ્વલાયન ઋષિનું છે એવુ જણાય છે. કૌષીતકમાં માત્ર ૧૫ અધ્યાય છે. બન્નેનું શંકર અને સાયણ ભાષ્ય પ્રાપ્ત છે.

**યજુર્વેદના આરણ્યક ગ્રન્થો :** કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાનો આરણ્યક તૈત્તિરીય આરણ્યક છે. આ તૈત્તિરીય બ્રાહ્મણનો વિસ્તાર છે. આ સ્વરયુક્ત છે. શુક્લ યજુર્વેદનું શતપથ બ્રાહ્મણનો ૧૪માનો તૃતીયાંશ ભાગ આરણ્યક છે.

**સામવેદના આરણ્યકો :** સામવેદની તાંડવ શાખાનું છાન્દોગ્ય આરણ્યક છે અને બીજું જૈમિનીય આરણ્યક છે.

અથર્વવેદનું કોઇ આરણ્યક નથી.

**આરણ્યક ગ્રન્થ :** બ્રાહ્મણ ગ્રન્થો પછી વિકાસના ક્રમમાં આરણ્યકનું સ્થાન છે જે વેદના મંત્રો છે, જેનું ચિંતન, મનન, પઠન, પાઠન અને ગાયન નિર્જન નગરોથી દૂર( અકાંત )માં આરણ્ય અર્થાત્ વનોમાં થયું છે. आरण्ये भवम् इति आरण्यकम् તેથી તેને 'આરણ્યક' કહેવાય છે.

આ ગ્રન્થોનું પ્રયોજન તે વ્યક્તિઓ માટે પણ છે જે ગૃહસ્થ જીવનથી નિવૃત્ત થઇને વાનપ્રસ્થાશ્રમી થઇ જાય છે. તે જંગલોના એકાંત વાતાવરણમાં રહીને મનન, ચિંતન, સ્વાધ્યાય, જપ-તપ અને બીજી ધાર્મિક સાધનોમાં લીન

રહીને આત્મદર્શન માટે પ્રયત્નશીલ રહે છે. આ આધ્યાત્મિક સાધના માટે નગર કે ગામનું કોલાહલપૂર્ણ પરિવેશ કોઇ પણ પ્રકારે યોગ્ય ન ગણાય.

ભારતીય પરંપરાને અનુસારે વેદ, બ્રાહ્મણ અને આરણ્યક મળીને કર્મકાંડ પ્રસ્તુત કરે છે. આ મંત્ર, વિધિ અને અર્થવાદના રુપમાં છે. પહેલામાં યજ્ઞ સમયે ઉચ્ચારણ કરવામાં આવતા મંત્રો છે. બીજામાં યજ્ઞના અનુષ્ઠાનનું વિધાન અને કર્તવ્યનું વર્ણન છે અને ત્રીજામાં વિધિઓ વ્યાખ્યા અને સમાધાન છે. બ્રાહ્મણ ગ્રન્થોમાં એવા કર્તવ્યનું વર્ણન છે જે એક સદ્‌ગ્રહસ્થને પાલન કરવું જોઇએ. આરણ્યક ગ્રન્થોમાં એવા કર્તવ્યનું વર્ણન છે જે એક વાનપ્રસ્થને પાલન કરવું જોઇએ. આરણ્યક ગ્રન્થોમાં કર્મયોગ અને જ્ઞાનયોગનો સુંદર સમન્વય છે. આરણ્યકનો અંતિમભાગ ઉપનિષદ્‌ના રુપમાં અવતર્યો અર્થાત્ પરાવિદ્યા બ્રહ્મવિદ્યાનો પ્રચાર કર્યો.

બ્રાહ્મણ ગ્રન્થો પછી વૈદિક સાહિત્યમાં આરણ્ય ગ્રન્થોનું સ્થાન આવે છે. 'આરણ્ય' શબ્દનો અર્થ જંગલ અથવા વન. થાય છે. અર્થાત્ આરણ્યક એક એવો ગ્રન્થ છે જે જન જીવનના મહાન કોલાહલથી દૂર એકાન્ત વન-ઉપવનોમાં વૃક્ષોની નીચે અથવા ઘાસની પર્ણશાળાઓમાં બેસી અધ્યયન-અધ્યાપન કરાવવામાં આવતું હતુ. આ ગ્રન્થોમાં યજ્ઞ અને તેના અનુષ્ઠાનોની ચર્ચા ન કરીને પહેલી વાર આધ્યાત્મિક રહસ્ય અને ચિંતનનું દર્શન થાય છે. ઈશ્વર. બ્રહ્મ, પ્રકૃતિ મૃત્યું, કર્મ, માયા, મોક્ષ જેવા દાર્શનિક પ્રશ્નો પર આ ગ્રન્થોમાં વિસ્તૃત વિચાર કરવામાં આવ્યો છે. આ ગ્રન્થથી ભારતીય સાહિત્યમાં જ્ઞાનમાર્ગી વિચારધારાનું બીજારોપણ થયું દેખાય છે. વૈદિક સાહિત્યમાં આરણ્યગ્રન્થોની સંખ્યા ઘણી ઓછી છે. વર્તમાન કાળમાં તેવી સંખ્યા માત્ર સાત આરણ્યક ગ્રન્થો ઉપલબ્ધ છે. જે બ્રાહ્મણ ગ્રન્થનો અંતિમ ભાગ અર્થાત્ સિદ્ધાન્તની સમાન છે.

**આરણ્યક ગ્રન્થોનું સ્વરુપ**

આ ગ્રન્થોનું સ્વરુપ રહસ્યમય છે. આનું જ્ઞાન દીક્ષિતો માટે હોય છે. અદીક્ષિત માટે આ જ્ઞાન ખતરાનું કારણ માનવામાં આવે છે. વાસ્તવમાં આરણ્યક ગ્રન્થ વેદ અને ઉપનિષદ્ ગ્રન્થોની વચ્ચેની કળી છે. કર્મકાંડની દૃષ્ટિએ આરણ્યક અને ઉપનિષદ્ પરસ્પર સંબંન્ધિત છે. આરણ્યક ગ્રન્થ બ્રાહ્મણ ગ્રન્થોનું અંતિમ રૂપ છે અને ઉપનિષદ્‌નું પૂર્વરૂપ છે.

બ્રાહ્મણ ગ્રન્થોમાં યજ્ઞની કર્મકાંડ પરક વ્યાખ્યા કરવામાં આવી છે. પરન્તુ આરણ્યકગ્રન્થોમાં યજ્ઞની આધ્યાત્મિક વ્યાખ્યા કરવામાં આવી છે. આ પ્રમાણે આ ગ્રન્થો કર્મ માર્ગ અને જ્ઞાન માર્ગનો સમન્વય કરે છે. વૈદિક તત્ત્વજ્ઞાનની વિચાર સરણિમાં આરણ્યકો વૈદિક-તત્ત્વ-મીમાંસાના ઇતિહાસમાં આરણ્યકોનું વિશેષ મહત્વ છે.

જ્યારે ભૌતિક વાદના પ્રભાવથી મનુષ્યો બહિર્મુખ થઇ ગયા ત્યારે અનેક લોકોના મનમાં જીવન અને જગત્‌ને સમજવાની એક મોટી સમસ્યા ઉભી થઇ રહી હતી. તેથી ઘણા લોકો તેનું સમાધાન પ્રાકૃતિક જગતમાં શોધતા હતા. આ પ્રયાસમાં કેટલાક લોકો વૈદિક વેદમંડળ અને કર્મકાંડનો સહારો લીધો. પરંતુ વિચારશીલ વ્યક્તિઓને દેવતા,યજ્ઞ અને તેનાથી પ્રાપ્ત થનાર સ્વર્ગ આદિ ક્ષણિક અને નશ્વર લાગ્યુ. ભૌતિકવાદના નવી વિચારધારામાં ધક્કો લાગ્યો. તેથી હવે લોકો ન તો ભૌતિક માર્ગે ન તો વૈદિક માર્ગે આગળ વધી શક્તા હતા. સંસારના મનુષ્યોની આવી દૂર્દશા જોઇને અરણ્યમાં નિવાસ કરતા ઋષિઓઓ ધ્યાનમગ્ન થયા અને અંતર્મુખી થયા જીવન અને વિશ્વના ગંભીર પ્રશ્નોનું સમાધાન શોધવાનું ગહન ચિંતન કરવા લાગ્યા. આ ચિંતનના ફળ સ્વરૂપે વેદોના સારરૂપ આધ્યાત્મિક અને ભૌતિક માર્ગમાં પૂર્ણ માર્ગદર્શન આપી શકે તેવા આરણ્યક ગ્રન્થોનું અવતરણ થયું.

વૈદિક પરંપરા આગળથી ચાલી આવતી હતી પરન્તુ કાળના પ્રભાવથી ક્ષિણ થવા પામી હતી તેને પુનઃ જીવંત કરવા માટે આ ગ્રન્થો અતિ ઉપયોગી થયા. કારણ કે જે દાર્શનિક તત્ત્વજ્ઞાન, આધ્યાત્મિક માર્ગ અને ભૌતિક માર્ગનું ચિંતન વેદોમાં એજ માર્ગને સરલતાથી આ ગ્રન્થો બતાવવા લાગ્યા. આ ગ્રન્થોમાં આત્મા, પરમાત્મા, સૃષ્ટિની ઉત્પત્તિ, જ્ઞાન, કર્મ, ઉપાસના જેવા વિષયોનું સરતાથી નિરુપણ કર્યું. બ્રાહ્મણ યુગની યજ્ઞયાગની જટિલ પ્રક્રિયાઓનો સરલ માર્ગ દર્શન સાથે જ્ઞાનમાર્ગને શોધવાનો પ્રયત્ન આરણ્યક ગ્રન્થોમાં કરવામાં આવ્યો છે. આંહિ યજ્ઞોની અને તેના પદાર્થોની દાર્શનિક વ્યાખ્યા કરીને ઓંકાર, પ્રાણ, આત્મા વગેરેનું આધ્યાત્મિક ચિંતન સ્પષ્ટ અને સરલરૂપમાં કરવામાં આવેલ છે. તેમજ દેવતાઓને ઉદ્દેશિને આપવામાં આવતી આહુતિઓને માત્ર અગ્નિકુંડમાં ત્યાગ કરી દેવો એટલો જ યજ્ઞ નથી પરન્તુ આરણ્યક ગ્રન્થોએ તો આ સમગ્ર વિશ્વ યજ્ઞશાળા છે. આપણું શરીર પણ યજ્ઞશાળા છે તેમાં જે ભોજન રુપે જે કોડીયા લઇએ છીએ તે એક એક આહુતી છે. વેદના આ સિદ્ધાન્તને આરણ્યકે જન જન સુધી પહોંચાડ્યો. તેથી આરણ્યક યુગમાં આ ગ્રન્થોએ લોકોને પૂર્ણ વૈદિક બનાવ્યા અને આધ્યાત્મિક સાધનાના માર્ગે લઇ ગયા.

આ પ્રમાણે આરણ્યક ગ્રન્થો તે યુગમાં મનુષ્યોની બુદ્ધિની યોગ્યતા પ્રમાણે વૈદિક જ્ઞાનને સરલ અને દૃષ્ટાન્તો સાથે પીરસ્યુ. લોકો આધ્યાત્મિક જ્ઞાનને સમજીને વૈદિક પરંપરાને અનુસરવા લાગ્યા અને પુનઃ સમાજમાં વેદજ્ઞાનની પરંપરા વહેતી થઇ. આ યુગને આરણ્યક યુગ કહેવાયો.

**ક્રમશઃ**

## તા. ૦૫-૦૨-૨૦૧૩ થી તા.૦૪-૦૩-૨૦૧૩ કથા પારાયણો

| |
|---|
| તા. ૬-૨-૧૩ થી તા. ૧૦-૨-૧૩ પોષ વદ-૧૧ થી પોષ વદ -૩૦ સુધી - નૈરોબી |
| તા.૨-૩-૧૩ થી તા. ૬-૩-૧૩ મહાવદ-૫ થી મહાવદ-૯ સુધી - રામપર જુનોવાસ |

# વસંત પંચમી

– જનકભાઈ એમ. ભટ્ટ



આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંવત ૧૮૮૨ મહા સુદ પંચમીના દિવસે એટલે કે વસંત પંચમીના દિવસે પરમ કલ્યાણકારી શિક્ષાપત્રી સ્વહસ્તે લખેલ છે. આ શિક્ષાપત્રી ગ્રંથ સર્વ શાસ્ત્રોના એક સારરૂપ છે. આ શિક્ષાપત્રીને ""gd Ord{hV॥dh'' સર્વ જીવોનું હિત કરનારી કહેલ છે.

'વસંત એટલે ઋતુરાજ' – વસંતનો ઉત્સવ એ નિસર્ગનો ઉત્સવ છે. આપણે આપણા જીવનમાં જેમ ઉત્સવ ઉજવીએ છીએ તેમ પ્રકૃતિ પણ તેનો ઉત્સવ ઉજવે છે. આ વસંત પંચમીના ઉત્સવને સમગ્ર માનવ સમાજ ઉત્સાહ ઉલ્લાસ અને ઉમંગથી ઉજવે છે. વસંતઋતુ એ વૃક્ષોનો શણગાર છે. સોળે કલાએ ખીલી ઊઠેલી પ્રકૃતિ પોતાનું સૌંદર્ય પીરસીને સૌને આકર્ષે છે. અને માનવ મનને આનંદવિભોર કરે છે. એટલે જ વસંતઋતુને ઋતુઓની રાણી કહેવામાં આવે છે.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં વર્ણન કરતાં કહેલ છે – F$VZ॥ H$g_॥H$a: 'ઋતુઓમાં વસંત ઋતુ હું છું.' યૌવન જો માણસના જીવનની વસંત હોય તો વસંતઋતુ એ સૃષ્ટિનું યૌવન છે. જીવનમાં વસંતની જેમ ખીલવું હોય તો જીવનને સૌંદર્યથી ભરી દેવું અને આશાદીપ સતત પ્રજવલિત રાખવો. આશાનો દીવો બુઝાઇ ન જાય તે માટે કાળજી સેવવી.

વસંત પહેલાં પાનખર આવે છે. વસંત જેમ પ્રભુનો પ્રસાદ છે તેમ પાનખર પણ પ્રભુનો પ્રસાદ છે. માનવના જીવનમાં પાનખર આવે જ છે. આપણે જેમને પોતીકાં માન્યા હોય તેવા સગા સંબંધી બધા જ છોડી જતા રહે તો પણ ભાંગી પડ્યા વિના ઇશ્વર પર શ્રદ્ધા રાખી પોતાના પુરુષાર્થમાં મંડ્યા રહેવું. ઇશ્વર આપણું જીવન ખીલવશે જ. સર્જનહાર પોતે આપણી સાથે જ છે. આપણામાં બેઠો છે સર્જનહાર જ્યાં સુધી આપણને છોડીને જતો નથી ત્યાં સુધી જીવનમાં હતાશા નિરાશા લાવવાની નથી. જીવનમાં અણધાર્યા બનાવો અને ઘટનાઓથી જીવનમાં નિરાશા વ્યાપી જાય છે એ હતાશાને ખંખેરીને ઇશ્વરમાં શ્રદ્ધા રાખી જેમ વસંતઋતુ નવ પલ્લવિત થઇ ખીલી ઊઠે છે. તેવી રીતે જીવનમાં આશાઓ અને ઉમંગ ભરીને જીવવાનો સંદેશ આ ઋતુ આપે છે.

વસંતઋતુ એ સમત્વનું પણ પ્રતીક છે તે સમયગાળા દરમ્યાન કડકડતી ઠંડી પણ નથી હોતી અને શરીરને દઝાડતી ગરમી પણ નથી હોતી આપણા જીવનમાં વસંત ખીલવવી હોય તો જીવનમાં સુખદુઃખ, જય પરાજય, યશ અપયશ વગેરેમાં સમવૃત્તિ કેળવવી જ રહી.જીવનને વસંતની જેમ ખીલવવું હોય તો ભોગવૃત્તિ પર અંકુશ રાખી જીવન સંયમિત કરવું પડે. નિસર્ગમાં સર્વત્ર સંયમના જ દર્શન થતા હોય છે, તેથી નિસર્ગમાં પ્રસન્નતા રહેલી છે પોતીકું સૌંદર્ય છે.

આજના દિવસે શ્રીહરીએ સમગ્ર માનવ

સમાજમાં વસંત ખીલાવા શિક્ષાપત્રી લખી છે અને આજે સપ્રદાયનામાં દરેક મંદિરે તથા ઘેર ઘેર શિક્ષાપત્રીનું એક એક શ્લોક બોલી પૂજન થાય છે. તેમ શિક્ષણક્ષેત્રે પણ આ દિવસે સરસ્વતીનું પૂજન થાય છે. આ દિવસે સરસ્વતીનું પૂજન કર્યા બાદ સંગીત નાટ્ય વગેરે અન્ય કલાઓમાં જે શ્રેષ્ઠ હોય તેમને ભેટ સોગાદ આપવામાં આવે છે. પ્રાચીનકાળમાં રાજા મહારાજાઓ વિદ્વાનોની સભા ગોષ્ઠિનું આયોજન કરતા. ગ્રંથકાર, કવિ, લેખકોનું સૌનું સન્માન થતું.

વસંત પંચમી આનંદ, ઉલ્લાસનું પર્વ હોવાથી જીવનને ખીલવવાનો ઉત્સવ છે. માનવે પોતાની અસ્વસ્થ પ્રકૃતિને જો સ્વસ્થ બનાવવી હોય તો પ્રકૃતિના સાંનિધ્યનું સેવન કરવું. નિસર્ગ માનવજીવનની તમામ વેદના દૂર કરી શકે તેમ છે. નિસર્ગમાં સહજતા સરલતા નિષ્પાપતા છે. નિસર્ગ પાસે દંભ નથી. અહંકાર પણ નથી તેથી તે પ્રભુની વધારે નિકટ છે.

માનવી જો નિસર્ગનું સાંનિધ્ય કેળવે તો તેના તનમાં સ્ફૂર્તિ, મનમાં આનંદ, ઉલ્લાસ બુદ્ધિમાં પ્રસન્નતા અને હૃદયમાં ચેતના પ્રગટશે. સૃષ્ટિ એને સુમધુર લાગશે.

જીવન અને વસંતને જેણે એકરૂપ કરી નાખ્યાં હોય તેવા માનવીને આપણી સંસ્કૃતિ સંત કહીને વધાવે છે. જીવનમાં જે વસંત પ્રગટાવે તે સંત.

આ અવસર પર સમગ્ર પ્રકૃતિ પોતે નવ પલ્લવિત થઇ મહેકી ઊઠી હોય રંગબેરંગી ફૂલોથી આચ્છાદિત થઇ આનંદવિભોર થઇ ઝૂમી ઊઠતી હોય ત્યારે માનવ આનંદ ઉલ્લાસ વગર કેમ રહી શકે ? આબાલવૃદ્ધ સહુમાં ઉલ્લાસ ઉમંગ છવાઇ જતો જોવામાં આવે છે.

પરંતુ આજે પ્રકૃતિનું સૌંદર્ય માણવાનો ઉત્સાહ ઓછો જોવા મળે છે. તેથી તો સમાજે જીવનનું સૌંદર્ય ખોઇ નાખ્યું છે.

ભારતીય સંસ્કૃતિએ વસંતઋતુને સમગ્રદૃષ્ટિ થી આવકારી છે. વસંતના વધામણાનો ઉત્સવ મન મૂકીને માણવાનો લ્હાવો લે છે. જીવનમાં વસંત ખીલવવી હશે તો જીવનમાં યૌવન, સંયમ, આશા, સૌંદર્ય, સંગીત, સ્નેહને પ્રગટાવવાના રહેશે. જીવનમાં ભક્તિ શક્તિ સર્જન વિસર્જન આ સર્વેનો સમન્વય રાખવાનો રહેશે. તો જ આપણે વસંતના વૈભવને જાણ્યો, માણ્યો જીવનમાં પચાવ્યો ગણશે. આપણા જીવનમાં વસંત તો જ સોળે કલાએ ખીલી ઊઠશે.

# જો ગુણ ગ્રહણ કરે તો, દોષ સર્વે ટળે

– સાં.યો.નાનબાઈ રામજી ભુડિયા, માનકુવા–જુનાવાસ

ભકતજનો ! આ જગતમાં આપણે ''સદ્‌ગુણી જીવન ઈતિહાસો'' જાણી સદ્‌ગુણોને જીવનમાં કેળવવા માટે જ આવ્યાં છીએ. અને ગુણગ્રાહી દૃષ્ટિ કેળવવાના જ પ્રયાસો કરવાના છે તો જ સત્સંગને વિષે દિવ્યભાવ, આત્મીયભાવના અનુભવ કરી શકીશું. ભક્તો ! જે સત્સંગથી વંચિત આત્માઓ માત્ર ખાત્રી કરવા આવતાં સત્સંગમાં સમાઈ ગયા છે. તો આપણે તો સાગરમાં મીઠાંની સમાન ઓગળી જવાનું છે જેવા મહાપુરુષોમાં ભાવ પરઠશું તેવા જ આપણા સ્વભાવ થશે, આપણાં જીવન થશે.

આ બાબતનું સમર્થન ગ.પ્ર.૫૮માં વચનામૃતમાં કહ્યું કે, મોટા પુરુષોને વિષે સારી દૃષ્ટિ રાખે તો સારા ગુણો આવે છે તે વિષે આપણે સમજીએ...

જુનાગઢમાં એક નાગર બ્રાહ્મણ હતા. બહુ જ સ્વાદિયા. ચોખ્ખા સુરાખાચર જોઇ લ્યો. જ્યાં સુધી તે જમી ન લે ત્યાં સુધી તેનાં ઘરનાં સભ્યો ચિંતામાં રહે. વ્યવહારે ખૂબ સુખી હતા. એક દિવસ જુનાગઢ મંદિરમાં રાધારમણદેવનાં દર્શન કરી ગુણાતીતાનંદ

સ્વામીનો સમાગમ કરવા આવ્યા. સ્વામી જ્ઞાનવાર્તા કરી ઉપદેશ આપતા હતા. ત્યાં થોડીવાર થઇ ત્યાં જ ‘‘વાસુદેવ હરે...’’નો સાદ પડયો. સંતો સાથે ગુણાતીતાનંદ સ્વામી જમવા ગયા. બ્રાહ્મણ વિચારે કે, હું એક સુખી સામાન્ય કુટુંબનો છું પરંતુ આ સાધુ તો મોટા મહંત તે શું જમતા હશે ? આમ વિચારી દર્શનનાં બહાને રસોડા પાસે ઊભા રહ્યા.

ત્યાં જ સ્વામીના પત્તરમાં કાંઇક છૂટાં ચૂરમાં જેવું પીરસાયું, દૂધ જેવી સફેદ ધાર પત્તરમાં રેડાતી જોઇ. તેથી અનુમાન કર્યું કે, સ્વામી સુંદર મિષ્ટાન્ન જમે છે. ભૂદેવનો સંકલ્પ સ્વામીએ જાણ્યો, નજીક બોલાવી કહ્યું ભૂદેવ લ્યો પ્રસાદ, પ્રસાદ જમતાં જ ભૂદેવનો ભ્રમ ભાંગી ગયો. સ્વામી તો બાજરાના રોટલાના ભૂકામાં છાશ રેડી ભેળું કરી જમતા હતા. ભૂદેવને તો ગળેથી ઉતારતાં પણ શ્રમ પડ્યો. સંતનું આવું મહંત હોવા છતાં નિઃસ્વાદીપણું જોઇ બ્રાહ્મણને અતિ આશ્ચર્ય થયું. તેમને સ્વામીનો અતિ ગુણ આવ્યો. આટલો જ ગુણ આવવાથી તે નાગર બ્રાહ્મણનો સ્વાદ ટળી ગયો અને તેનાં સારાંયે ઘરમાં શાંતિ થઇ ગઇ.

આ જ બાબત ઉપર સિક્કો મારતાં ઉપર મુજબ ગ.પ્ર.૫૮માં વચનામૃતમાં કહે છે કે, મોટા પુરુષનો જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ તેની ભક્તિ વૃદ્ધિ પામતી જાય. અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિઃષ્કામી જાણે તો કૂતરાં જેવો કામી હોય તો પણ નિષ્કામી થાય અને જો મોટા પુરુષને નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે તે સર્વે વિકારથી રહિત થઇ જાય અને પાકો હરિભક્ત થાય છે.

---

# અન્નનો બગાડ ન કરવો

– વેકરીયા મિતેશ કિશોરભાઇ
શ્રી સહજાનંદ ગુરુકુલ–માનકુવા

ઘણા લોકોને ભોજનની થાળીમાં થોડું વધારવાની આદત હોય છે. તેઓ એમ માનતા હોય છે કે થાળીમાં હોય તેટલું બધું ન ખાઇ જવાય. થોડું રાખવું જોઇએ. અન્ન તો દેવ કહેવાય. થાળીમાં એઠું છોડવાથી અન્નદેવતાનો અપરાધ થાય છે અને તેનો બહુ મોટો દોષ લાગે છે, પાપ લાગે છે. અન્ન એ બ્રહ્મનું સ્વરૂપ છે. કારણ કે ભગવાન જમ્યા છે તેથી પ્રસાદ છે. એક તો અન્ન અને વળી પ્રસાદ મહાત્મા તીરૂવલ્લુવર પરણીને પત્નીને જ્યારે ઘેર લાવ્યા ત્યારે પહેલો હુકમ કર્યો કે : હું જ્યારે જમવા બેસું ત્યારે તમારે મારી થાળીની બાજુમાં એક પાણીની કટોરી અને એક સોય મૂકી દેવાની. પત્ની સમજ્યા નહિ કે પતિદેવ આનું શું કરવાના હશે. પરંતુ એક વખત તેમને આ બાબતે સમજણ પડી. પીરસતા પીરસતા ભાતનો દાળો પત્તરાવાળામાંથી નીચે પડી ગયો. ત્યારે પેલી સોય લઇ મહાત્મા તીરૂવલ્લ્ગીવરે પેલા ચોખાના દાણામાં સોય ભરાવી. પાણીના કટોરામાં ભાતના દાણાને ડુબાડીને સાફ કર્યા એ દાણો મુખમાં મૂકી દીધો. ત્યારે પત્નીને ખબર પડી કે અન્નનો બગાડ ન કરવો જોઇએ.

આજે આપણા દેશમાં ઘણા ગરીબો છે કે તેમને અન્ન ખાવા પૂરતું પણ મળતું નથી, જ્યારે આપણે તેનો બગાડ કરીએ તો ઇશ્વરના સાચા ગુનેગાર કરીએ. અને જે માણસ કે જે ગૃહિણી અન્નનો બગાડ કરતા શીખી ગઇ તેનો સંસાર બરાબર નહીં ચાલે, આજે ભલે મુખી હશે પણ કાલે ચોક્કસ દુઃખી થવાના જ એટલા માટે ઘરમાં જેટલા સભ્યો હોય તેટલા માપનું જ ભોજન કરવું. જો વધારે ખાવાનું બનાવે. કોઇ ખાય નહીં. નાંખી દેવું પડે તો તેનો ગૃહિણીને મહાદોષ લાગે છે. માટે અન્નનો બગાડ ન કરવો.

# સદ્‌ગુરૂના આશિષથી સાધુતા ખીલે

– હિમ્મત ઠક્કર 'રઘુવંશી'

શિક્ષાપત્રી શ્લોક – ૫ માનો અર્થ

''અમારા શિષ્યપણાને પામેલી સધવા ને વિધવા સર્વે બાઇઓ, તથા મુક્તાનંદાદિક જે સર્વે સાધુ પુરુષો છે.''... તેમની વાત છે.

આ શ્લોકમાં શ્રીજી મહારાજે સાધુ પુરુષોના સમૂહ વાચક શબ્દમાંની અગ્રિમતા વ્યક્તિગતપણે ઊંચા ગજાના મુક્તાનંદ સ્વામીને સોંપીને તેની પાછળ વળી – આદિ – એટલે કે વગેરે... વગેરે શબ્દ દ્વારા તેને વ્યાપક બનાવ્યો છે. આવા સંતોની યાદીમાં અલ્પવિરામ કે અર્ધવિરામ ચિહ્નો આવે પણ, આ યાદી અનંતતા બતાવતી હોઇ, સદાય સંતોની વધતી સંખ્યાનું પ્રતીક બને છે.

આમ શ્રીજી મહારાજે પુરુષ આ શ્રોતાની યાદી બતાવી સ્ત્રી આશ્રિતોમાં – સધવા અને વિધવા સ્ત્રીઓ – વાળું પદ વાપરી તેમને પણ સમગ્ર પણે આવરી લીધી છે.

માનવ મનનું મૂળભૂત કામ છે પ્રશ્નો ઊભા કરવા, તર્ક, વિતર્ક અને સુતર્ક કે કુતર્ક પણ કરવો અને બુદ્ધિનું કાર્ય છે તેની સંપૂર્ણ છણાવટ કરી કોઇ ચોક્કસ નિર્ણય પર પહોંચવું.આ પ્રક્રિયામાં જો બુદ્ધિ કોઇ પણ કારણે અટકે તો કોઇ જાણકાર, સંતોની સલાહ મેળવી નિર્ણયાત્મકતા પર પહોંચી શકાય. જો આમ કરીએ તો માનવીય સમજણથી રફતાર યોગ્ય દિશામાં ચાલ્યા કરે.

તો, આપણે પણ ચાલો આપણા સંપ્રદાયના હાથવગા શ્રી શતાનંદ સ્વામી પાસેથી વિનમ્રભાવે તેમણે આપેલ માર્ગદર્શન પ્રમાણે આવળ વધીએ. શતાનંદ સ્વામી જણાવે છે કે, સ્ત્રીમાત્ર સામાન્યતઃ સધવા કે વિધવા, જે હોય તે, આશ્રિત હોય છે, પરતંત્ર હોય છે તેથી સહજાનંદ સ્વામી મહારાજે કોઇ એક ખાસ સ્ત્રીનો અગ્રિમતામાં ઉલ્લેખ કર્યો નથી. દા.ત. કુંવારી સ્ત્રી પિતૃગૃહે, પરીણિત પતિગૃહે અને વિધવા પુત્રગૃહે આશ્રિત મનાય છે. ને આશ્રિતો સ્વતંત્ર નિર્ણયો લઇ શકતા હોતા નથી. આ પારંપરિક હકીકત છે, અપવાદ અલગ હોય.

સહજાનંદ સ્વામી મહારાજે શ્લોકમાં વાપરેલ સાધવઃ – શબ્દ પણ આપણે યોગ્ય પણે સમજી લઇએ. સાધવઃ એટલે સાધુઓ. જે પારકાના કાર્યને અથવા ધર્મને સાધે તે સાધુ અથવા મુનિ પણ કહેવાય. જે સ્વ અર્થે કામ કરે તે સંસારી. તેને સ્વાર્થી પણ કહેવાય છે.

આ 'સાધુ' શબ્દ અનેકાનેક ગુણવત્તાઓ ધરાવનાર દિવ્ય શબ્દ છે. મહાત્મા ઉધ્ધવજીએ સોળેકળાધારી શ્રી કૃષ્ણ પરમાત્માને પ્રશ્ન પૂછ્યો હતો – ''ભગવન, સાધુ કોને કહેવાય...?'' શ્રીમદ્ ભાગવતજીના એકાદશ સ્કંધમાં, અગ્યારમા અધ્યાયમાં પરમાત્માએ આનો વિસ્તૃત જવાબ આપેલ છે. આપણે થોડા ગુણોનો આસ્વાદ કરીશું.

સાધુ કૃપાળુ એટલે કે કોઇને ન દુભાવનાર, તિતિક્ષુ એટલે ક્ષમાવાન, સત્યસાર એટલે સ્થિર અથવા બળવાન, સમ એટલે સુખદુઃખમાં સમાનતાવાળો, અનવધાત્મા એટલે કે અસૂયાથી રહિત, દાંત એટલે જેની કર્મેન્દ્રિયો નિયમમાં છે તે, મૂદુ એટલે જેનું ચિત્ત કઠોર ન હોય તે, શુચિ એટલે પવિત્ર આચરણવાળો, અકિંચન મિતભુક યથા યોગ્ય આહારી, અતીહઃ શાસ્ત્રાજ્ઞાથી વિરૂદ્ધ ન જાય તે, શાંત એટલે અંતઃકરણને નિયમમાં રાખનાર, સ્થિર એટલે વર્ણાશ્રમધર્મમાં દ્રઢ, મચ્છરણ એટલે માત્ર મારોજ આશ્રિત, મુનિ એટલે મનન કરવાવાળો, અપ્રમત્ત એટલે પોતાના ધર્મમાં સાવધાન, ગભીરાત્મા, જીત ષડગુણ, અમાની, માનદઃ કલ્પ. મૈત્ર કારૂણિક ને કવિ...!

અવિચારીઓ સાધુને માત્ર કંઠીબંધુ સમજે છે. ઉપરનાતો થોડા જ ગુણોનો દિવ્ય – પ્રસાદ પણ

માનવને જીવનમાં ઉતારતાં જીવન પુરૂં થઇ જાય... ભાઇ...! અવગુણીઆ પોતે જ પાધરા પડી જાય.

સાધુતાની લાંબીલચ્ચ યાદીના સદ્ગુણ ભંડારનાં દર્શન કરવા શિક્ષાપત્રી પરનાં ભાષ્યોને ટીકાઓ વાંચવા જેવી છે. ને જો ભાવિક ભક્તો પાસે સમય ઓછો હોય તો, ને જો રેડી-મેડ જ્ઞાન મેળવવામાં રસ હોય તો દિવ્ય જ્ઞાની સંતોના પ્રવચનોની ભરમાર પ્રત્યેક મંદિરમાં ચાલતી જ રહે છે.

શ્રીમદ્ ભાગવતજીમાં સ્ત્રીને – કામની જનની કહી છે. અને એ પણ સ્પષ્ટ પણે સમજાવ્યું છે કે, માત્ર ધીર પુરુષ જ સ્ત્રી-કામુકતાથી બચી શકે છે. આ આધ્યાત્મિક વિચાર છે. પરંતુ વૈજ્ઞાનિક પણે પણ આ તર્ક સત્ય અને સ્વીકાર્ય છે જ.

તત્ત્વચિંતક રોમહર્ષણ પ્રમાણે માનવ સમાજમાં અજ્ઞાનીઓમાં પ્રજનનનું પ્રમાણ ઊંચું હોય છે જ્યારે જ્ઞાનીઓમાં પ્રજનન દર ન્યૂન વર્તાય છે. એક ગુજરાતી કહેવત પ્રમાણે – સિંહ બાળ હોય એક પણ બાકર બચ્ચા અનેક હોય છે. આમ શિક્ષાપત્રી માનવ જીવનની ઉત્કૃષ્ટતા પ્રત્યે સર્વ ગૃહસ્થીઓને સાધુઓને સાવધાન કરે છે.

પરમાત્માની ઇચ્છા પ્રમાણે જ, સ્ત્રીનું સર્જન સૃષ્ટિ સર્જનને સંબર્ધન માટે કરાયેલું હોઇ તેનાં ઉપભોગમાં વિવેક આચરવું જરૂરી બતાવ્યું છે. સ્વયં ભગવાને પૃથુરાજા પ્રતિ કહ્યું છે કે – મારે વિષે સુહૃદની પેઠે બંધાયેલા ભક્તો વિકાર પામતા નથી.

આજનું વિજ્ઞાન પણ સંશોધિત પણે પોકારે છે કે, માતાનું ધાવણ જ નવજાત શિશુ માટે સર્વશ્રેષ્ઠ આહાર છે, તે અનેક શક્તિઓ અને જીવનદાતા છે. તેવી જ રીતે જગતભરમાં વિધમાન શાસ્ત્રીય જ્ઞાન-ભંડારમાં પણ શિક્ષાપત્રી તો માતૃવત્સલ પરમાત્માના જ્ઞાન-પાન સમી છે. તે સર્વ દષ્ટિ, શક્તિ, ભક્તિને તૃપ્તિદાતા છે.

''માતાના અમૃત પય પાનનો,
ને શિક્ષાપત્રીના જ્ઞાનનો,
જગતભરમાં વાગે ડંકો !
ઘંટારવ સંભળાય તો જાગો !!
સહજાનંદની હાકે માયા ત્યાગો,
શિક્ષાપત્રી અપનાવો જીવન બનાવો...!''

---

# શિક્ષાપત્રી એટલે ???

લે. રાધાબેન રસિકભાઇ ગોડલિયા, વેરાવળવાળા

શ્રીજી મહારાજે સ્વંયે વડતાલમાં હરિમંડપમાં બિરાજી સં.૧૮૮૨ના મહાસુખ ૫ મે શિક્ષાપત્રીનું લેખન કર્યું. સર્વજીવ પ્રાણીમાત્રના હિતનો ઉપદેશ અને આચારનો સંદેશપત્ર એટલે શિક્ષાપત્રી. જેમા ૩૫૦ શાસ્ત્રોના સાર દોહન કરીને ૩૫૩ વિધિવાક્યો ૨૮૯ નિષેધ વાક્યો જેમાં સર્વને લાગુ પડતા જે સામાન્ય ધર્મના ૩૬૭ વાક્યો અને દરેકને વ્યક્તિગત પૃથક પૃથક ૨૭૫ વાક્યો શિક્ષાના ઉપદેશ વચનો કહ્યા છે જે શિખામણનો પાઠ એવો અર્થ કહી શકાય.

આ શિક્ષાપત્રી એટલે શું ? જે માટે મોટેરા સંતો ભક્તોએ સમાજના અગ્રણીઓ વિદ્વાન પંડિતોએ શિક્ષાપત્રી એટલે શું ? જેના માટે ટૂંકમાં ઘણું જ કહ્યું છે. જે અહીં જોઇએ જે પાલન કરવાથી મનવાંચ્છિત ફળ પ્રાપ્તિ થાય છે.

- શિક્ષાપત્રી એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના હૃદય કમળથી ઉદભવેલી અમૃતવાણી.
- માનવ સમાજની આચાર સંહિતા માનવને સાચી દિશા બતાવતી દીવાદાંડી.
- એક દૈનિક નિયમાવલિ શિક્ષાઓનું સંકલન કરનારી પત્રી.
- મનુષ્યની ખરી માતા મનુષ્યને ચોખ્ખો કરી પ્રભુ પાસે મોકલે છે.

- આદર્શ ભક્તોનો કાર્યક્રમ કે રોજનિશી જે પ્રાતઃ કાળથી શયન સુધીનું સમય પત્રક.
- સફળજીવન સદ્વર્તનનો સદ્ઉપદેશ અને આજ્ઞા.
- ગાગરમાં સમાયેલ સાગર સમાન છે જે સર્વજીવ હિતાવહ શાસ્ત્ર.
- સંસાર સાગર પાર કરવાને એક અલૌકિક નાવ માનવીના નૈતિક મૂલ્યોનું ઘડતર કરતો ગ્રંથ.
- આચાર સહિંતાનું સંક્ષિપ્તમાં છતા સચોટ નિરૂપણ.
- સર્વભક્તો માટેનો આલોક પરલોકના સુખ માટેનું સર્વશાસ્ત્ર શિરોમણીગ્રંથ.
- કર્દમલતા એટલે કે અંતરને નિર્મળ કરનારી ઔષધિ.
- કળિયુગના માનવીની સાચી વશલ્યકરણી ઔષધિ.
- સર્વેનો સર્વકાળ સદા સર્વજીવ હિતાવહનો સંદેશા પ્રસરાવતી આચાર પત્રિકા.
- પોતાના આશ્રિતોનું રક્ષણ કરતું સુદર્શન ચક્ર.
- વિચાર, વર્તન પવિત્રતા, આદર્શ તેનો સરળ ઉપાય.
- ભવાટવીમાં ભૂલા પડેલા માનવીની રાહદર્શી અંતરના અંધકારને હરનારી અપૂર્વ અંજનશલાકા.
- એક અમૃતનો કળશ. મનવાંચિત ફળની આપનારી. ચારેય પુરુષાર્થની સિદ્ધિ કરાવનારી.
- જગતના દાવાનળથી બચવા માટેનું શીતળ બાવના ચંદન.
- ૨૧૨ શ્લોકનું પાલન કરનારને જગતના દુઃખ તો શું દુઃખનો પડછાયો પણ ન રહે.
- મોક્ષમાર્ગની સફળ કુચી (ચાવી) શિક્ષાપત્રી એટલે અક્ષરધામનો મહામાર્ગ.
- આજના યુગના માનવીને ખરો માણસ થતા શીખવતું શાસ્ત્ર.
- મુક્તિના સાધનો અને મુક્તિની સ્થિતિ બતાવી છે.
- આપણા ઈષ્ટદેવનું વાણીસ્વરૂપ–મૂર્તિ સ્વરૂપ જે આદર પૂર્વક સેવવા યોગ્ય.
- સર્વધર્મ સમન્વયની ભાવના દાખવતું શાસ્ત્ર.
- વસંતમાં લખાયેલી શિક્ષાપત્રી પાલનથી જીવનમાં વસંત લાવતું શાસ્ત્ર.
- એક નાનકડો (પોકેટબુક) ગ્રંથ સત્શાસ્ત્રોમાનો આચારના સારનો ગૂટકો.
- એક એવું આચાર ઉપદેશ શાસ્ત્ર અભણથી વિદ્વાન, રાજા થી રંક, ખેડુતથી ધનસંપતિ સુધીના માનવ માત્રને એક સરખી સમુપયોગી ધર્મશાસ્ર.
- સરળ વર્તનનું અમૂલ્ય આચારશાસ્ત્ર સાર્વભૌમગ્રંથ કહી શકાય.
- પરમ કલ્યાણકારી શિક્ષાપત્રીમાં અતૂટ અને અતુલ્ય શક્તિ રહેલી છે તેમાં અધ્યાત્મર્મ, ધર્મ નિરૂપણ, ભક્તિ નિરૂપણ, વ્યવસ્થા, અર્થ વ્યવસ્થા, રાજય વ્યવસ્થા, વ્યવહાર કુશળતાનો સદ્ ઉપદેશ છે.
- એક અંગ્રેજ શિક્ષાપત્રીનો અભ્યાસ કરી નોંધ કરી છે કે ભગવાન સ્વામિનારાયણની શિક્ષાપત્રી એટલે 'માણસાઇ ભરેલા માણસો પેદા કરવાનું મેન્યુઅલ'.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશમાં તેમજ વડતાલ દેશના ત્રીજા આચાર્ય મહારાજશ્રી વીહારીલાલજી મહારાજે હરિલીલામૃતમાં લખ્યું છે કે મહારાજ સ્વધામ ગયા પછી કોને પૂછવું. તો શ્રી હરિ કરે છે જે અમને પૂછવું હોય તે આ શિક્ષાપત્રીને પુછજો જે તમોને યોગ્ય જવાબ આપશે. માટે તમામ પ્રકારે સુખી થવાની સો તાળાની એક ચાવી એટલે શિક્ષાપત્રી.

''જે વાંચીને વિચારશે, લેશે તેનો સાર,
સારપ્રમાણે વર્તશો તો ઉતરશો ભવપાર.''

# ધનના ધમપછાડાં

– હિમાંશી અરવિંદ આર., સુરત

જિંદગીના ચાર પુરુષાર્થોમાં 'ધર્મ' પછી બીજું સ્થાન 'અર્થ' એટલે કે 'પૈસો' અથવા 'ધન'ને આપ્યું છે. માણસ સાંસારિક, સામાજિક અને ધાર્મિક ઈત્યાદિ કર્તવ્યો અદા માટે તથા પેટગુજારા માટે ધનની અનિવાર્યતા જરૂર પડે છે તેથી શાસ્ત્રકારોએ ધનને નિરર્થક નથી ગણ્યું.

મનુષ્ય ધન ગેરમાર્ગે કમાવાના પ્રલોભન માં ન અટવાય એટલે ચાર પુરુષાર્થો પૈકી ધર્મને પ્રથમ સ્થાન આપી 'અર્થ' પર તેનો પહેરો ગોઠવવામાં આવ્યો છે. માણસ અર્થ કે પૈસો કમાય તેનો વાંધો નથી પણ એવી કમાણી નેક કમાણી મતલબ કે પૈસો ગેરમાર્ગે અર્જિત કરેલો ન હોવો જોઈએ. દાન પણ ધર્મપૂર્વક કમાવે તેવો સમાજ સ્વસ્થ અને સ્વચ્છ રહી શકે એટલે 'પરસેવાની કમાણી'ને આદર્શ કમાણી ગણવામાં આવી.

જ્યારે માણસના મન–બુદ્ધિ અને વર્તનમાં 'અતિધન'નું વર્ચસ્વ સ્થાપિત થાય છે ત્યારે ધન ધર્મ એટલે કે નીતિને ઠેબે ચડાવે છે અને લોભને લાડ કરાવે છે. અતિ પૈસો માણસ ને અહંકારી, વિલાસી, ઘમંડી, અનીતિમાન માથાભારે અને સંયમહીન બનાવી શકે. પૈસો જ્યારે 'સ્વામી' બની વ્યક્તિને ગુલામ બનાવી દે છે ત્યારે 'એ–લક્ષ્મી' એટલે કે અયોગ્યમાર્ગે ધન મેળવવા અને ધનનો નશાની જેમ ઉપયોગ કરી માણસ પોતાની જાતને બહેકવા માટે ઉશ્કરે છે. સત્યનું સ્થાન અસત્ય, ન્યાયનું સ્થાન અન્યાય, દાન દઈને કીર્તિ કમાવાની લાલસા, શોષણવૃત્તિ, અત્યાચાર, વ્યભિચાર અને છળ કપટનો અતિરેક– આવા અનેક દૂષણો મબલખ ધન નોતરી શકે મતલબ કે માણસ માટે પૈસો કમાવાનું સહેલું હોઈ શકે, પણ પૈસો પચાવવાનું અતયંત મુશ્કેલ છે એટલા માટે જ દોલતને 'આંધળી' કહેવામાં આવી છે. એ કારણ ધન થી બહેકેલો માણસ વિવેક વિસરી જાય છે અને અવિવેકને પગલે તેની વાણી વર્તન, આચરણ, જીવનશૈલીમાં પ્રવેશતા અનેક દૂષણો તેની જિંદગીને પાયમાલ કરવા માટે હાજર થઈ જાય છે એટલે જ કહેવાયું છે કે કેટલાક લોકો માટે 'અર્થ' જ 'અનર્થ'નું કારણ બની જાય છે જે એમ માનીને ચાલે છે કે ધનથી મારા જીવનનું કલ્યાણ થઈ જશે, એને સાચા અર્થમાં 'કલ્યાણ' પ્રાપ્ત નથી જ નથી.

ધનથી માણસ ક્યારેક 'સંતુષ્ટ' થતો નથી ઉલટો એ 'અસંતુષ્ટ' અને 'અતૃપ્ત' બને છે ધન માટેની એની પ્રબળ તૃષ્ણા અને તૃષા વધતા ધનવૃદ્ધિ માટે માણસ જાતજાતના પેંતરા અને ષડયંત્રો રચે છે. પરિણામે એક સ્થિતિ એવી આવે છે કે, પોતે રચેલા ચક્રવ્યૂહમાં પોતે જ ફસાય છે. અને અંતે પોતાના તેમજ પોતાના પરિવારનું બરબાદીનું નિમિત્ત બને છે.

ધન આવે અને ધર્મ (નીતિ, માનવતા) ન વિસરાય તો ધન 'ભક્ષક' નહિ પણ 'રક્ષક' બની શકે ! કારણ કે રામાયણમાં વાલ્મીકિજીએ કહ્યું છે તેમ અનર્થેભ્યો ન શકોતિ, ત્રાતુ ધર્મો નિરર્થકઃ મતલબ કે જે ધર્મ અનર્થોથી મનુષ્યોની રક્ષા નથી કરી શકતો એ ધર્મ વ્યર્થ છે. આજકાલ ધર્મ પણ લક્ષ્મીવંતોની કૃપાનો યાચક બની ગયો છે !

સત્સંગીઓએ અવશ્ય ધન કમાવવા માટે શ્રીજી મહારાજની આજ્ઞના પુર ધારવી કે ઘણુક છે ફળ જેને વિષય એવું જે કર્મ જો ધર્મે રહીત હોય તો તે ક્યારેય ન કરવું.

શિક્ષાપત્રી...

# ‘‘આ જમ્યા તે સંભારી રાખજો’’

– અતુલ બી. પોથીવાલા, મેમનગર–અમદાવાદ

શ્રી હરિના ઐશ્વર્યમય તેજોપ્રતાપથી પંચાળા ગામના સૌ ‘માથાભારે’ ગણાતા આહિર અને ભરવાડો શ્રીજી મહારાજના આશ્રિત બની ગયા ! અષાઢી સંવત ૧૮૬૮ (સને ૧૮૧૨)નો એ કારતક માસ હતો.

બરાબર અગિયાર વરસ પછી એટલે કે સંવત ૧૮૭૯માં મહારાજે પંચાળામાં ફૂલદોલનો ઉત્સવ કર્યો અને સંતો સાથે મહારાસ રમ્યા. બીજે દિવસે સમગ્ર ગામને જમાડવાનું મહારાજે નક્કી કર્યું તે પહેલાં ત્યાંના આહિરોને મહારાજે બોલાવ્યા.

પડછંદ દેહધારી આ માટીપગા માનવીઓ મહાપ્રભુ પાસે આવ્યા. પાઘડીઓ ઉતારી અને હાથ જોડી દીન વદને ઊભડક બેઠા. અગિયાર અગિયાર વરસોથી સત્સંગના રંગે રંગાયેલા આ ધરતીપુત્રોના મુખ ઉપર અનેરી ખૂમારી ચમકતી હતી. આંખોમાં શ્રી હરિ પ્રત્યેની અનન્ય નિષ્ઠાનો નિત્ય નવિન ભાવ ઝળહળી રહ્યો હતો.

‘‘આવતી કાલે અમારે તમને જમાડવા છે, બોલો કેવા પકવાન કરીએ ?’’ સાટા, જલેબી, મગજ, મોહનથાળ, બુંદી, લાડુ કે મૈસુર ? મહારાજે પૂછ્યું. આ સાંભળી બધા એકબીજાના મોઢા સામું જોવા લાગ્યા ને અંદરો અંદર ગુસપુસ કરવા લાગ્યા ! ‘‘આવા કોરા સુખડામાં કાંઇ અમારું પેટ ભરાય નહિ, શેલણ જમાડો તો આવીએ.’’ ભોળા ભાવે બધાએ અંતરની વાત મહારાજ સમક્ષ રજુ કરી !

‘‘આ શેલણ વળી શું છે ?’’, ‘‘પ્રભુ ! આ દેશમાં ચોખા, ગોળ અને તેમાં ખૂબ ઘી નાંખીને જે ભોજન થાય તેને આ લોકો ‘શેલણ’ કહે છે.’’ઝીણાભાઇએ મહારાજને સમજ આપી. ‘‘તો ભલે શેલણ જમાડીશું.’’ મહારાજે તમામને શેલણની દાવત આપી ! સૌ હરખાતા હરખાતા ઘેર ગયા. ‘‘આવતી કાલે તો મહારાજ સ્વંય આપણને શેલણ જમાડશે !’’ જાણે સત્સંગ સ્વીકાર્યો એની પ્રસાદી પામવાના હોય એટલો બધો હરખ છવાઇ રહ્યો. મહારાજે આદેશ આપ્યો, ‘‘રંગેડામાં ચોખા રંધાવો, ગોળનાં માટલાં મંગાવો ને ઘીની મોટી કડાઇ ચૂલે ચઢાવો.’’

શ્રી હરિનો આદેશ મળતાં જ સૌ તૈયારીમાં લાગી ગયા. બીજે દિવસે તો લીલુડી નાઘેરનાં નરમ નરમ સુંવાળા ગોળનાં ગાડે ગાડાં આવી ગયાં. ગરમા ગરમ ગળેલો ભાત પણ તૈયાર થઇ ગયો. એક મોટી કડાઇમાં તવેથા વડે શ્રી હરિ જાતે ઘીને ગરમ કરી રહ્યા હતા ! એ સોડમતા ઘીની સુગંધની તો વાત જ શી કરવી ?

આહિરોની મોટી પંગત પડી ગઇ. ચાર ચાર આંગળ ઊંચી ધારવાળી કાંસાની થાળીઓ મુકાઇ ગઇ. ખોબલા ભરી ભરીને રાંધેલ ભાત ને ગોળ પીરસાવા લાગ્યા. પાછળ મહારાજ કછોટો વાળીને ખભે ઉપરણી મૂકી ઘીની તાંબડી લઇ પંગતમાં ઘૂમવા લાગ્યા. થાળીઓ ઘીથી છલકાવા લાગી. પાંચને પીરસે ત્યાં તો એ નવશેરી તાંબડી ખાલી થઇ જતી ને ત્યાં તો બે પાર્ષદો દોડીને એ તાંબડી ભરી દેતા. છેલછબીલા સુંદર શ્યામે શેલણ એવું જમાડ્યું કે થાળીમાં કોઇ હાથ નાંખી ના શકે ! સીધી થાળી જ મોઢે માંડે ! ઝડપથી પીરસતાં પીરસતાં શ્રી હરિના મુખારવિંદ ઉપર પ્રસ્વેદબિંદુઓ મોતીની જેમ ચમકી રહ્યાં. આહિરો શ્રી હરિની આવી અલૌક્કિ મૂર્તિ નિહાળતા જાય ને થાળી ખાલી કરતા જાય ! આહિરો જમતા ન થાકે અને મહારાજ પીરસતા ન થાકે !

‘‘બસ પ્રભે બસ ! હવે રહેવા દ્યો. પ્રભુ !

આવું શેલણ કોઇએ આજ સુધી પાયું નથી. આજ તો તમે અમને હરાવી નાખ્યા !''

''આ જમ્યા તે સંભારી રાખજો'' મંદ મંદ હસતાં મહારાજે મર્માળી વાત કરી. સરળ લાગતા શ્રી હરિના સંવાદમાં ભારોભાર સામર્થ્ય છૂપાયું હતું. અનંત બ્રહ્માંડોનો અધિપતિ ધારે તે કરી શકે ! બસ, આ ભોજન–ચરિત્ર સંભારી રાખવાની જ વાત હતી ! વિનોદી સુરાખાચરે સૂર પૂરાવ્યો, ''જમ્યા એ તો સાંભરશે જ પણ જમાડનારને પણ ભૂલશો નહિં. તાંબડી લઇને કમરકસીને મહારાજે તમારી થાળીયું છલકાવી દીધેલી. એ લટકાં ને એ આંખ્યુંના મટકા– છેલછબીલાની આ અનોખી મૂર્તિ પણ ભૂલશો નહિં.''

''સારું સારું બાપજી ! આ તો શેં ભૂલાય ? એમ કહી, મહારાજને પ્રણામ કરી સૌ છૂટા પડ્યા. મહારાજ કહે, ''ચાલો હવે, શેલણતો આપણે પણ ચાખીએ.'', ''ચાખવાનું નથી, પીવાનું છે ને અમને પણ પાવાનું છે.'' સુરાખાચરે મનની વાત કરી. મઘમઘતા ઘીની સોડમથી તો સુરાખાચરને ક્યારનીય ભૂખ ઉઘડેલી ! ''તો ચાલો બેસી જાવ પંગતમાં'' મહારાજે સૌને પહેલાં પીરસ્યું, સંતો, દરબારો હરિભક્તો સૌને તૃપ્ત કર્યા ને પછી પોતે શેલણનાં ભોજન કર્યાં.

પંચાળાના એ ખેડૂ આહિરોએ શેલણ અને ઘી પીરસતા શ્રી હરિની ''રમ્યમૂર્તિ'' અંતરમાં ઉતારી લીધી હતી. કહે છે કે અંતકાળે એજ ઘીની તાંબડી લઇ સૌને લેવા મહારાજ પધાર્યા હતા.

પ્રસંગનું નિમિત્ત ઊભું કરી પ્રેમીજનોને ભોજન કરાવવાં અને એ જ પ્રસંગને મોક્ષનો હેતુ કરી દેવો – આવી અદ્‌ભૂત મોક્ષની રીતિ તો સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય જોઇ નથી !

---



# ''પ્રેમ''

પ્રેમમાં શરત ન હોય, પ્રેમમાં સમજ હોય.
સમજ વગર પ્રેમ સાર્થક થતો નથી.
આપણે ભગવાન સાથે પ્રેમ (ભક્તિ) કરીએ છીએ
પણ પહેલી શરત મૂકીએ કે,
અમારા આટલા કાર્યો કરજો.
પણ આપણે સમજ કેળવતા નથી કે,
જો હું ભગવાન સાથે પ્રેમ (ભક્તિ) કરીશ
તો ભગવાન સહેજે સહેજે મારા સર્વે મનોરથ (સંકલ્પો) પૂરા કરશે.
એટલે જ આપણો પ્રેમ (ભક્તિ) સાર્થક ન થાય.
માટે ક્યારેય ભગવાન પાસે કોઇપણ જાતની અપેક્ષા ન રાખવી
એના થાશું તો સર્વ પ્રકારે આપણું રક્ષણ કરશે.

**સંકલન :** રમણિક ગોર, ભુજ

# આયુર્વેદિક સરળ ઉપચાર

## સ્વાસ્થ્ય અને સૌંદર્યવર્ધક ટમેટા

- મહેન્દ્ર બી. દવે, માંડવી

લેખ નં. ૮૨

ટમેટા પોતાના પૌષ્ટિક ગુણોને કારણે ફળોમાં સ્થાન પામ્યા છે. સફરજન અને નારંગીથી પણ વધારે પૌષ્ટિક છે. ફુદીનો, કોથમીર અને અન્ય મસાલાથી બનાવેલ ટમેટાની લીલી ચટણીથી પાચનક્રિયા સુધરી ભૂખ સારી લાગે છે. ટમેટામાં પાંચ જાતના વિટામીન હોય છે. જેથી સ્ફૂર્તિ અને શકિત વધે છે. ટમેટાના સેવનથી યકૃત (લીવર) મજબૂત થવાથી મરડો અને અતિસાર (ડાયેરીયા)માં ફાયદો થાય છે. આંખનું તેજ વધે છે. કાર્બોહાઈડ્રેટની માત્રા ખૂબ જ ઓછી હોવાથી ડાયાબીટીશના રોગીઓને ઘણો જ લાભ થાય છે. વાતપ્રકૃતિ ત્રણ નાશ પામે છે.

**ઔષધિય પ્રયોગ :** દરરોજ ટમેટા ખાવાથી અને તેનો રસ ચહેરા પર ઘસવાથી સુંદરતા વધે છે. • ટમેટાના રસમાં મરી પાવડર અને સિંધાલુણ મેળવી પીવાથી સુંદરતાની સાથે સ્ફૂર્તિ પણ આવે છે. • આંખ નીચેના કાળા ડાઘ મટાડવા ટમેટા અને ગાજરનો રસ મેળવીને આંગળીઓથી ઘસવાથી ઝડપથી મટે છે. • ટમેટાના રસમાં લીંબુનો રસ અને ગ્લિસરીન મેળવીને ચહેરાપર ઘસવાથી ત્વચા મુલાયમ અને લીસી થાય છે. • નાના બાળકોના શરીરમાં કેલ્શિયમની ઉણપ હોવાથી ટમેટાનો રસ પાવો જેથી દાંત પણ સરળતાથી આવે છે. અને હાડકા મજબુત થાય છે. • ચામડી પરના ડાઘ મટાડવા ટમેટાના રસમાં મૂળાનો રસ મેળવી ઘસવાથી લાભ થાય છે. • ટમેટાનો રસ પીવાથી સગર્ભા સ્ત્રીને તાકાત મળે છે. તણાવ ઓછો થાય છે. • ટમેટાના ૧૦૦ ગ્રામ રસમાં મરી પાવડર અને સિંધાલુણ મેળવી બાળકોને પાવાથી આંતરડાના કરઝીયા નાશ પામે છે. • એનીમિયા (લોહીની ઉણપ)ના રોગમાં દરરોજ સવાર–સાંજ ટમેટાનો રસ પીવાથી લોહી વધે છે. સાથે યાદશક્તિ પણ વધે છે. • ટમેટાનો રસ કે સૂપ દરરોજ સવાર–સાંજ પીવાથી રતાંધણાપણું મટે છે. • નાના બાળકને ટમેટાનો રસ ત્રણ–ચાર ચમચી પાયા પછી દૂધ પીવડાવવા થી ઊલટીનો રોગ મટે છે. • ટમેટાનો રસ સવાર–સાંજ પીવાથી કબજિયાત મટે છે આથી ખસ–ખરજવું–ફોલ્લા વગેરે ચામડીના દરદ લોહી શુધ્ધ થવાથી મટે છે. • મેદસ્વી સ્ત્રી–પુરુષ વધારે ટમેટાનું સેવન કરે તો ધીરે–ધીરે ચરબી ઓછી થાય છે. કેટલાક રોગો લાંબે ગાળે મટયા પછી આવેલી શરીરની નબળાઇ દૂર કરવા ટમેટાના રસ કે સૂપથી લાભ થાય છે. • સગર્ભાવસ્થા દરમ્યાન કેટલીક સ્ત્રીઓ આર્થિક પરિસ્થિતિને કારણે પૌષ્ટિક ખોરાક ન લઇ શકવાથી આવતી નબળાઇને કારણે ટમેટાનો રસ દિવસમાં બે–ત્રણ વખત પીવાથી લોહ (આયર્ન) તત્વમાં વધારો થાય છે. તાકાત આવે છે. • સવાર–સાંજ ૨૦૦ ગ્રામ ટમેટાના રસના સેવનથી કમળાના રોગમાં ઘણો ફાયદો થાય છે. • એપેન્ડીક્ષનો રોગ થવાથી ટમેટાનો રસ આદુનો રસ સાથે સિંધાલુણ ભેળવીને નિયમિત થોડા દિવસ સુધી પીવાથી લાભ થાય છે. • ટમેટાના રસમાં સહેજ કોપરેલ તેલ મેળવીને માલિશ કરી સહેજ ગરમ પાણીથી સ્નાન કરવાથી ખંજવાળ મટે છે. • ટમેટામાં વિટામીન 'સી'ની માત્રા વધારે હોવાથી સ્કર્વી રોગમાં ઘણો જ લાભ થાય છે.

**નોંધ :** ટમેટા અંગેના ઉપરના તમામ ઉપાયોમાં જ્યાં રસ કે સૂપનું વિધાન ન હોય ત્યાં કાચા ટમેટા સુધારીને મરી તથા સિંધાલુણ છાંટીને રોજના ત્રણ થી પાંચ ટમેટા અચૂક ખાવા ટમેટાની ભરપુર સીઝન દરમ્યાન જરૂર લાભ લેવો.

**કોણે ન ખાવા :** શરીરમાં સોજો, આમવાત (દુઃખાવો), અમ્બપિત, સંધિવા, શિળસ, પથરી, અનિસાર (ડાયેરીયા) આ બધા રોગમાં ટમેટાનો ઉપયોગ ન કરશો.

(હવે પછી– ખીલ – રક્ષણને ઉપાય)

# સંસ્થા સમાચાર

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.**

## ધનુર્માસ ઉત્સવ



ભુજમાં શ્રી નરનારાયણદેવ નૂતન મંદિરમાં ધનુર્માસ ઉત્સવ તા.૧૬–૧–૧૨ થી તા.૧૪–૧–૨૦૧૩ એક માસ સુધી ધનુર્માસની ધામધૂમપૂર્વક વહેલી સવારે ઉજવણી કરવામાં આવેલ હતી. દરરોજ ઠંડી હોવા છતાં હજારો હરિભક્તોએ વહેલી સવારે આવી જતા હતા. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી કેશવપ્રસાદદાસજી તેમજ પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોના માર્ગદર્શન હેઠળ મંદિરમાં ઉજવવામાં આવેલ.

શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૧૧ વર્ષ પૂર્ણતાની ઉજવણી પ્રસંગે અમદાવાદ ગાદીના પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તા.૬–૧–૧૩ પધારેલ હતા. તેઓની હાજરીમાં સવારે મંગળા આરતી બાદ મંદિરના પ્રાગણમાં આધુનિક સભા મંડપ ડોમમાં શહેર તેમજ ગામે ગામથી હજારોની સંખ્યામાં સત્સંગી ઉપસ્થિત રહ્યા હતા. હજારો સત્સંગીથી ડોમ ભરાઇ ગયેલ. સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બાદ આચાર્ય મહારાજના હસ્તે ધૂન તેમજ પ્રસાદના યજમાનોને સન્માનિત કરાયા હતા. હરિભક્તો સંતો તથા આચાર્ય મહારાજશ્રીએ ઉદ્‌બોધન દ્વારા આશીર્વચન પાઠવ્યા હતા. સભા સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ તથા સ્વામી પ્રેમવલ્લભદાસજીએ સંભાળ્યું હતું. દરરોજ સવારે ધૂન બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવતો.

સમગ્ર માસ દરમ્યાન કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા દિવ્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ ઉપકોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ ખૂબ જ મહેનત તથા જહેમત સાથે સુંદર આયોજન પાર પાડેલ હતો. પ્રસાદ વિતરણ વ્યવસ્થા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તેમજ યુવતી મંડળની યુવતીઓએ સંભાળેલ હતી.

– અહેવાલ : પ્રાણલાલ ગોર

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ, ટ્રસ્ટની જનરલ મીટીંગ : હિસાબોની રજુઆત

પ્રાતઃસ્મરણીય સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી તા.૧–૧–૨૦૧૩ના સવારે ૮.૩૦ કલાકે સભા મંડપ જનરલ મીટીંગ મળેલ હતી. શરૂઆતમાં પુરાણી સ્વામી શ્રી રામસ્વરૂપદાસજીએ વચનામૃતનું પઠન કરેલ હતું. ત્યાર બાદ ગત મીનીટસ વાંચન થતા સર્વાનુમતે પસાર કરવામાં આવેલું. ત્યાર બાદ સને ૧૯૧૧–૧૨ના વર્ષના હિસાબો ટ્રસ્ટી શ્રી રાજેન્દ્રભાઇ દવેએ રજુ કરેલ. જે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતા. ત્યાર બાદ સંતોએ આશીર્વાદના પ્રવચનો આપેલ. જેમાં કોઠારી પાર્ષદ શ્રી જાદવજી ભગતે સંસ્થા અંગે થયેલ કામગીરી તથા આગામી વર્ષ માટે થનાર કામકાજ અંગેની વિગતવાર માહિતી આપેલ ત્યારબાદ સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આશીર્વાદ આપેલ. મંદિરના ટ્રસ્ટીઓ માનનીય કોઠારી શ્રી રવજીભાઇ માવજીભાઇ ભુડીયા તથા આદરણીય શ્રી મૂળજીભાઇ કરસનભાઇ શિયાણીએ પ્રાસંગિક પ્રવચનમાં ભવિષ્યના કાર્યક્રમો, આયોજનો તેમજ શૈક્ષણિક ક્ષેત્રે સ્કૂલો અને કોલેજની વિગતવાર માહિતી આપી સંસ્થાની પ્રગતિથી સૌને વાકેફ કર્યા હતા. અંતમાં શ્રી સદ્‌ગુરૂ મહંત પુરાણી સ્વામીશ્રી ધર્મનંદનદાસજીએ આશીર્વાદ આપેલ. સભાનું સંચાલન સ્વામી ભક્તિપ્રિયદાસજી કરેલ હતું.

આ સભામાં ટ્રસ્ટીઓ ગામ ગામથી મંદિરના હોદેદારો તેમજ મોટી સંખ્યામાં હરિભક્તોએ તેમજ ભુજ શહેરના હરિભક્તો હાજર રહેલ. તા.૧૪ના મકર સંક્રાતી નિમિત્તે દરેક ગામમાં યુવક મંડળ દરેક સત્સંગીના ઘેર જઇને ચાલુ વર્ષે વરસાદ ઓછો પડેલ હોઇ ગામની ગાયો માટે દાન લેવા નિકળશે. તો તેમાં દરેક ગામના આવેલ ભાઇઓએ પુરતો સહકાર આપવા વિનંતી કરવામાં આવી. જે ગામમાં જે કંઇ દાન મળશે તે તેજ ગામમાં ગાયોના ચારા માટે વપરાશે તેવું સંતોએ પ્રવચનમાં જણાવેલ. અંતમાં આવેલ હરિભક્તોને ભોજનનું પ્રસાદ લઇને જવાનું જણાવવામાં આવેલ.

– અહેવાલ : પ્રાણલાલ ગોર

# દિવ્ય શાકોત્સવ, ભુજ



શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં તા.૧૩–૧–૨૦૧૩ રવિવારના દિવસે દિવ્ય શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. અ.નિ.સ.ગુ. મહંત પુરાણી હરિસ્વરૂપદાસજી સ્વામીએ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરી તેને દસ વર્ષ પૂર્ણ થાય છે. જેની ઉજવણીના અંશરૂપે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળ ભુજ દ્વારા આ શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮.૩૦ કલાકે નૂતન ડોમમાં શાસ્ત્રી સ્વામીશ્રી ભક્તવત્સલદાસજીએ શ્રીજી મહારાજે લોયા મધ્યે ઉજવેલ શાકોત્સવની દિવ્ય કથા સંગીતમય શૈલીમાં સંભળાવી હતી. શાક બનાવતા શ્રીજી મહારાજના દર્શન તૈયાર કરવામાં આવ્યા હતા. સભા મંડપ મધ્યે જ શાક તૈયાર કરવામાં આવ્યું હતું. જેનો વઘાર વડીલ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યો જેમાં યજમાન ટ્રસ્ટીઓ તથા મુકતાનંદ સ્વામી, દાદા ખાચર, સુરાખાચર આદિની વેશભુષા ધારણ કરીને યુવાનો જોડાયા હતા તે વખતે વાતાવરણ દિવ્ય ભક્તિમય બની ગયું હતું. જાણે લોયાધામમાં બેઠા હોઇએ. બહોળી સંખ્યામાં હરિભક્તોએ શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કર્યો. શાકોત્સવના મુખ્ય યજમાન ગોવિંદભાઇ રાબડીયા પરિવારે સેવા આપી હતી. શાકોત્સવની તમામ જવાબદારી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળ ભુજ જે ઉપાડી હતી. શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ યુવાનોની પ્રવૃતિને બિરદાવી હતી. વેશભુષા અને પ્રસંગનું સંકલન વિદ્યાર્થી સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજીએ માર્ગદર્શન પૂરૂં પાડી સાથે જ રહ્યા હતા. સભા સંચાલન સ્વામી ઉત્તમચરણદાસનએ કર્યું હતું.

અહેવાલ : સંજય ડી. અનમ

# મકરસંક્રાંતી દાન પર્વે ગૌસેવા ધન્યવાદ..

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી આ વર્ષે મકરસંક્રાંતિના પવિત્ર પર્વે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા ગામોગામ જીવદયાનું અનુકરણીય કાર્ય હાથ ધરવામાં આવ્યું. આપણા સત્સંગીઓના તમામ ગામો તેમાંય પટેલ ચોવીસીના ગામો સહિત લગભગ સીંતેર જેટલા ગામમાં ઘરોઘર ફરીને યુવાનોએ ગાયોના ઘાસચારા માટે ફંડ એકઠું કરવાની કામગીરી આખો દિવસ બજાવી હતી. ગામવાસીઓ તરફથી ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો. અને સૌએ ઉદારદિલ સાથે સંપૂર્ણ સાથ–સહકાર આપી, ખૂબ જ સારી એવી રકમનું દાન આપ્યું. એકત્રિત થયેલી રકમ જે તે ગામની ગાયો માટે ઘાસચારામાં જ વાપરવાનો નિર્ણય લેવાયેલ તે મુજબ તે ગામમાં જ ઘાસચારા માટે ઉપયોગમાં લેવામાં આવી. આવી ઉમદા પ્રવૃત્તિ બદલ સૌ સંતો તરફથી યુવાનોને પ્રોત્સાહિત કરવા અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યાં હતા.

# સત્સંગ સમાચાર

## તુલસી વિવાહ અને ધનુર્માસ

ભુજ રઘુવંશી નગર મધ્યે આવેલ આપણા શ્રી નરનારાયણદેવ તાબા હેઠળ આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા તથા સંતોના આશીર્વાદથી તુલસીવિવાહ યોજાયેલ તથા હાલમાં ધનુર્માસની ધૂન તા.૧૬–૧૨ થી એક માસ માટે સવારે એક કલાક કરવામાં આવે છે. જેમાં બહોળી સંખ્યામાં હરિભક્તો લાભ લે છે. અને સત્સંગ કરે છે.

આ બધા ઉત્સવમાં હરિભક્તો નંદલાલભાઇ યાદવ – રાજુભાઇ ગોર, પુજારી રવજીભાઇ સીયાણી, ગાંધી સાહે, દિલીપભાઇ ઠક્કર વગેરે ભગવાનને સાથે રાખી ખૂબ મહેનત કરે છે.

– અહેવાલ : પ્રફુલ ઠક્કર

## કથા પારાયણ

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી જગન્નાથપુરી મધ્યે અ.નિ.માતા–પિતા તથા વડીલોની પુણ્ય સ્મૃતિમાં તેમજ સંતો તથા ભક્તોની પ્રસન્નતા માટે તા.૩–૧–૨૦૧૩ થી તા.૧૧–૧–૨૦૧૩ સુધી શ્રીમદ્ સત્સંગીજીવનની નવ દિવસની કથા પારાયણનું આયોજન કરવામાં આવેલ. જેના યજમાન પદે ગામ નવા ગામ ભચાઉ હાલે મુંબઇ થાણાના પ.ભ.શ્રી ડુંગરસીભાઇ ગોપાલભાઇ, સુપુત્રો અમરસીભાઇ, રસીકભાઇ, રમેશભાઇ આદિ નીસર પરિવાર રહ્યા હતા. આ કથા પારાયણ નિમિતે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં નવ દિવસના ઠાકોરજીના થાળ, સંતોની રસોઇ, ધનુર્માસ નિમિત્તે ચાલતી ધૂન, ઠાકોરજીના વાઘા, ગાયોને ચારો આદિ યજમાન તરફથી શ્રી હરિની પ્રસન્નતા માટે કરવામાં આવેલ.

– અહેવાલ : અમરસીભાઇ ડુંગરસીભાઇ નીસર

## કચ્છ ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો દ્વારા સ્વામિનારાયણ ભગવાનના જન્મ સ્થાન છપૈયામાં પંચાહ્ન પારાયણ

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સંતોની પ્રેરણાથી ગામ વાડાસરના પ.ભ. રવજીભાઇ હરજી રાબડીયા ધ.પ.લક્ષ્મીબેન સહ પરિવાર દ્વારા અને ગામ નારાયણપરના અ.નિ. વાલબાઇ દેવરાજ હરજી વેકરીયાના મોક્ષાર્થે પ.ભ. દેવરાજ હરજી વેકરીયા પુત્ર કુંવરજી દેવરાજ, કરસન દેવરાજ, કાનજી દેવરાજ સહ પરિવાર હાલ વિલ્સડન લંડન દ્વારા છપૈયા ધામે ભુજ મંદિરા વિદ્વાન સંતો દ્વારા તા.૨૨–૧૧–૧૨ થી તા.૧૬–૧૧–૧૨ના સુધી પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પંચાહ્ન પારાયણમાં મહંત સ્વામીના મંડળના સંતો સ.ગુ.સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી ઇશ્વરસ્વરૂપદાસજી, સ્વામી સરયુદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, સ્વામી સૂર્યપ્રકાશદાસજી સહિત સંતોએ પધારીને શ્રી ઘનશ્યામલીલાની પવિત્ર ભાગીરથી વહેવળાવી સૌ યજમાન પરિવારને પ્રસન્ન કર્યા હતા. પ.ભ.રવજીભાઇ રાબડીયાએ મોટી બસ ભાડે કરી મોટી સંખ્યામાં સબંધી પરિવારને યાત્રા કરાવી પવિત્ર કથાનો લાભ અપાવ્યો હતો.

ભુજ મંદિરના વિદ્વાન સંતોમાં સ્વામી ઇશ્વરસ્વરૂપદાસજી, સ્વામી સરયુદાસજી અને સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ ભક્તોને પોતાની વાણીથી ભગવાનના ચરિત્રો સંભળાવીને પ્રસન્ન કર્યા હતા. યજમાન પરિવારે શ્રી નરનારાયણદેવને પોતાની ભાવ સેવાથી પ્રસન્ન કર્યા હતા.

– અહેવાલ : લક્ષ્મણ ખીમજી

# ૬૪મા લોકશાહી પર્વની ભવ્ય ઉજવણી...





આજે દિનાંક : ૨૬/૦૧/૨૦૧૩, શનિવારના રોજ શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી સંચાલિત શ્રી હરિ વિદ્યામંદિર દ્વારા ૬૪મા લોકશાહી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

દીપપ્રાગટ્ય બાદ ત્રિરંગાને જયઘોષ, જયગાન અને સલામી સાથે પ્રાતઃ સ્મરણીય સંતો અને આમંત્રિતોની દિવ્ય ઉપસ્થિતિમાં ત્રિરંગાને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવેલ. આ પવિત્ર દિને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરવા ભુજ શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિરેથી સંસ્થા પ્રમુખ શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભ દાસજી, શાસ્ત્રી સ્વામી શાંતિપ્રિયદાસજી, પુરાણી સ્વામી અદ્‌ભુતચરણદાસજી પધાર્યા હતા. આ સાથે સંસ્થા સંચાલકશ્રી પુરાણી સ્વામી ભક્તિવિહારી દાસજી, પુરાણી સ્વામીશ્રી શાંતિસ્વરૂપ દાસજી, ટ્રસ્ટીશ્રી ખીમજીભાઈ ભુડીયા, શ્રી હરજીભાઈ વેકરીયા, શિક્ષણ સમિતિના સદસ્ય શ્રી પ્રવિણભાઈ પીંડોરીયા, શ્રી પ્રવિણભાઈ હીરાણી, શ્રી નવીનભાઈ પોકાર તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનો, વાલીશ્રીઓ, ગુરુકુલ અને વિદ્યાલય કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌ મંચસ્થ મહાનુભાવોનું પ્રસાદીની પુષ્પમાળા દ્વારા સ્વાગત બાદ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા સ્વામી શ્રી શાંતિપ્રિયદાસજીએ લોકો દ્વારા નિર્માણ પામેલ આ લોકશાહીની તાકાતને સમજવાની વાત કરેલ અને સૌને સંગઠિત થઈ ભારતમાતાનો વિશ્વગુરૂના સ્થાનો પુનઃસ્થાપિત કરવાનું આહ્‌વાન કરેલ. ધર્મપ્રચાર અર્થે વિદેશ(ઓસ્ટ્રેલિયા) સ્થિત સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી શ્રી દેવચરણ દાસજીએ દૂરભાષ યંત્ર દ્વારા પ્રસંગ પ્રત્યેની ભાવના વ્યક્ત કરેલ.

કાર્યક્રમના બીજા ભાગમાં શ્રી હરિ વિદ્યામંદિરના ત્રણેય વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરક સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં ગણેશ સ્તુતિ, રાસ, દેશભક્તિ અભિનય ગીત, સત્યને ઓળખો રૂપક, ડાંગી નૃત્ય અને હિન્દી-અંગ્રેજી ભાષામાં વક્તવ્ય બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ. ઉપસ્થિત તમામ નાગરિકોએ વિદ્યાર્થીઓને સુંદર રજુઆત બદલ પ્રતિક ભેટ અને રોકડ રાશિ દ્વારા નવાજ્યા હતા. આ પાવન દિવસે મોડસર ગામના વાલીશ્રી સામજીભાઈ ગોવિંદ ચાવડા હસ્તે પુત્ર અતુલે તમામ વિદ્યાર્થીઓને રસોઈ આપી વિદ્યાર્થીઓને આનંદીત કર્યા હતા.

સંચાલક સંતોના માર્ગદર્શન હેઠળ ગુરુકુલ અને વિદ્યાલયના તમામ કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવા માટે અથાક મહેનત કરેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નયનભાઈ ચાવડા અને શ્રી નિરવભાઈ ઉપાધ્યાયે કર્યું હતું.

અહેવાલ-સંચાલકશ્રી પુ. સ્વામી ભક્તિવિહારીદાસજી

## શાકોત્સવ : ગોડપર

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં માગસર વદ–૧૨ તા.૯–૧–૧૩ના લોયા શાકોત્સવી સ્મૃતિ કરાવે એવો અનુપમ ઉત્સવ કરવામાં આવ્યો હતો. આ દિવ્ય લીલાની કથા સ્વામી ઇશ્વરસ્વરૂપદાસજી કહી સંભળાવી હતી. ભુજ–અંજાર–માંડવી તથા ગુરૂકુલોમાંથી સંતો પધાર્યા હતા. સાંખ્યયોગી બાઇઓ પણ પધાર્યા હતાં. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ.સ્વંયપ્રકાશદાસજી આદિ સંતોએ શાકનો વઘાર આપ્યો હતો. આ ઉત્સવનાં યજમાન સાં.યો. પાર્ષદ માનબાઇ તથા તેમના ભાઇ કેસરા કરસન કારા રહ્યા હતા. દરેક ભક્તોએ શાક–રોટલાનો મહાપ્રસાદ લીધો હતો.

અહેવાલ : સ્વા.મં.મંત્રીશ્રી, લક્ષ્મણભાઇ ખીમજી

## ગૌસેવા : મેઘપર

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી ભુજ મંદિરના અ.નિ.મહંત સ્વામી હરિસ્વરૂપદાસજીએ આજથી દસ વર્ષ પહેલા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરેલ છે. તેમણે આ વર્ષે ૧૦ વર્ષ પૂર્ણ થાય છે તે નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત સ્વામી સ.ગુ.ધર્મનંદનદાસજીએ આ વર્ષે વરસાદ ઓછો વરસતા અબોલા જીવો માટે સમસ્ત સત્સંગીઓને કાગળ લખી કીધેલું કે તમારા ગામમાં ઘરોઘર જઇ અને ગાયના ચારા માટે ફંડ એકત્ર કરો. તો અમારા ગામમાં ગાયના ચારા માટે યુવાનો વડીલો ઘેરઘેર ફરેલા હતા, અને જે ફડ થયું તે પૈસા અમારા ગામની ગૌશાળામાં આપેલ અને સાથેસાથે ૧૫૫ મણ મણ ચારો લુલા–લંગડા પશુઓની પાંજરાપોળમાં મોકલાવેલ તેમજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તેમજ મંદિરની કાર્યવાહી કમિટી તેમજ સાં.યો.બહેનો તથા સમસ્ત ગામજનોએ સારો સાથ અને સહકાર આપેલ છે.

અહેવાલ : ધર્મેન્દ્ર રવજી કેરાઇ, યુ.મં. પ્રમુખ શ્રી

## નારાણપર પસાયતીમાં મહામંત્રની વિશાળ સંધ્યા ફેરી

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વમુખે ફરેણીમાં સ્વામિનારાયણ મહામંત્ર આપ્યો તેને ૨૧૧ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે ભુજ મંદિરના સર્વે સંતોની આજ્ઞાથી નારાણપર પસાયતીમાં સંધ્યા ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતા કરતા આખા ગામમાં ફર્યા હતા. તેમાં ૨૧૧ મીનીટની ધૂન કરવામાં આવી. ૨૧૧ કળશધારી બહેનો કળશ ધારીને ગામમાં ફર્યા અને ૨૧૧ દીવડાઓ પ્રગટાવ્યા અને ૨૧૧ વાટ થી ભગવાનની મહા આરતી ઉતારવામાં આવી હતી.

આ સર્વે કાર્યમાં આજુબાજુના સાં.બહેનો સમગ્ર ગામજનો જોડાયા હતા. આ સંધ્યા ફેરી અને ધૂનનું સંપૂર્ણ આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને યુવતી મંડળે સંભાળ્યું હતું.

અહેવાલ : ભાવના જી. કેરાઇ

## ગૌસેવા : નારાણપર પસાયતી

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી અને અ.નિ.મહંત સ.ગુ.પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીએ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સ્થાપના કરી તેને ૧૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. ત્યારે મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળ નારાણપર–પસાયતીના સભ્યો દુષ્કાળ વર્ષને ધ્યાનમાં રાખીને ગાયોના ચારા માટે આખા ગામમાં ઘેર ઘેર ફરીને જોલી ફેરવીને મોટી રકમ ભેગી કરી અને ગાયોને અર્પણ કર્યા હતા એ આ કાર્યમાં શ્રી સ્વા.મંદિરની કમીટી, સાં.યોગી બહેનો, યુવક મંડળ કમીટી તથા સર્વે ગ્રામજનોએ સહકાર આપ્યો હતો.

અહેવાલ : આશ્કી પટેલ

# માધાપર મધ્યે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ

ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આશીર્વાદથી ગામ માધાપર નવાવાસ શ્રી સ્વામિનારાયણ બંને મંદિરમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન તા.૫–૧–૧૩ શનિવારથી તા.૯–૧–૧૩ બુધવાર સુધી પ.ભ.અ.નિ. કરસનભાઇ વેલજી ભુડીયાની પુણ્ય સ્મૃતિમાં એમનાં ધ.પ. કાનબાઇ તથા સુપુત્રો, સુપુત્રીઓ, તથા જમાઇઓ સાથે મળી યજમાનપદે લાભ લીધો.

આ કથા પારાયણના વક્તાપદે નવા વિદ્યાર્થી સ્વામી સત્યસ્વરૂપદાસજીએ ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય બાલ ચરિત્રથી ભરપુર ભુમાનંદ રચિત શ્રી ઘનશ્યામલીલામૃત સાગરની સુંદર, મધુર સાદી ભાષામાં કથામૃતનું પાન કરાવેલ આ કથા પ્રસંગે મંડળના વડીલ સંતો સ.ગુ.સ્વામી સનાતનદાસજી તથા સ.ગુ.સ્વામી કેશવજીવનદાસજી તથા શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી આદિ સંતોના સહકાર સાથે ભક્તો તથા યજમાન પરિવારને રાજી કર્યા હતા.

કથા પારાયણના બીજા દિવસે યજમાન પરિવાર તરફથી જમણવાર હોવાથી સંતો પટેલ વાડીમાં ઠાકોરજીને થાળ જમાડવા માટે પધાર્યા હતા. તથા ત્રીજા દિવસે યજમાન પરિવાર કરસનબાપાને ઘરે સંતો પધરામણી કરવા પધાર્યા હતા. અને કથાના પાંચમાં દિવસે બહેનોના મંદિરમાંથી છાબનું સામૈયું ભાઇઓના મંદિરમાં લઇ આવ્યા બાદ યજમાન પરિવારને તથા ગામના હરિભક્તો વડીલ સંતોએ રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા. ત્યારબાદ પંચાહ્ન પારાયણ નિમિત્તે યજમાન પરિવારને ભુજ તથા માધાપર મંદિર વતી સંતોના વરદ્ હસ્તે પહેરામણી આપી સત્કારવામાં આવેલ. ત્યારબાદ ઉત્પાથન વિધિ, પોથી પૂજન, વક્તાનું પૂજન કરી સમાપ્તિની આરતી ઉતારી સંતોનું પૂજન કરી ધૂન કીર્તન સાથે પંચાહ્ન પારાયણની સમાપ્તિ કરવામાં આવેલ.

અહેવાલ : મંત્રીશ્રી અરજણભાઇ ભુડીયા

# વેકરા મધ્યે સત્સંગીજીવન પંચાહ્ન પારાયણ

વેકરા ગામના આંગણે તા.૯–૧–૨૦૧૩ થી તા.૧૩–૧–૨૦૧૩ના સત્સંગીજીવન પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવેલ. જેના યજમાન વેકરાના શ્રી કેરાઇ રામજીભાઇ શામજી (મા.પુજારી વેકરા શ્રી સ્વા.મંદિર) સહપરિવાર હતા. તેમાં દરરોજ નીતનવા ઉત્સવ ઉજવવામાં આવ્યાં. તા.૯–૧–૧૩ના રોજ ઘનશ્યામ જન્મોત્સવ તા.૧૦–૧–૧૩ના રોજ પટ્ટાભિષેક નવીન કાર્યક્રમ થયો. તા.૧૧–૧–૧૩ના રોજ ફૂલડોત્સવ ઉજવાયો. તા.૧૨–૧–૧૩ના રોજ સત્સંગીજીવન શાસ્ત્રનું ફૂલથી અભિષેક કરવામાં આવેલ. એજ દિવસે ભગવાનના કીર્તનો સાથે મહારાસોત્સવ ઉજવાયો અને સમાપ્તિ દિવસ તા.૧૩–૧–૧૩ના શાકોત્સવ પણ કરવામાં આવેલ. આ કથામાં મુખ્ય વક્તા શા.સ્વામી ભક્તવત્સલદાસજી અને શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ખૂબ મધુર વાણીથી કથામૃતનું પાન કરાવી હરિભક્તોના દિલ જીતી લીધા. ભુજ મંદિરથી મોટા વડીલ સંતો પણ આવેલા. યજમાન બાપાને તથા સૌ હરિભક્તોને આશીર્વાદ આપ્યાં અને રામજીબાપાના જીવનમાં જે સેવા કરેલી તેની ખૂબ કદર કરવામાં આવેલ અને છેલ્લે દિવસે સૌ હરિભક્તો એ ગામજનોને મહાપ્રસાદરૂપી ભોજન પણ આ યજમાન તરફથી કરવામાં આવેલ હતું.

અહેવાલ : હરીશભાઇ કેરાઇ

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે શાકોત્સવ અને ધનુર્માસની દિવ્ય ધૂન

તા.૨૩ અને ૬ ના શાકોત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવેલ હતું. સાથે પ્રોજેકટના માધ્યમથી પ્રશ્નોતરી આદિ ગેમનું આયોજન પણ રાખેલ હતું. યાત્રાથી સ્વામી બ્રહ્મમુનિદાસજી અને સ્વામી પરબ્રહ્મજીવનદાસજી આદિ મંડળ પધારી આ ઉત્સવને અત્યાધિક શોભાવ્યો હતો. આ શાકોત્સવનું આયોજન કરનાર સ્વામી સંતજીવનદાસજીની પ્રેરણાથી ઘનશ્યામભાઇ પુજાભાઇ નીશર અને રાપર, માંડવી, ગોધરા, દૂધઇના ભક્તો અલગ અલગ દિવસે યજમાન થઇ સર્વે સતો, ભક્તો અને ઠાકોરજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. અને તે સર્વે ભક્તોને પાર્લાના મહંત પુ.સ્વામી મહાપુરુષદાસજી ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા હતા.

ધનુર્માસની દિવ્ય ધૂનમાં બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહીને દરરોજ સવારે વહેલા આવી સ્વામિનારાયણ મહામંત્રનો અખંડ જાપ કરેલ. આ ધૂનમાં ભુજથી સ્વામી ભકિતકિશોરદાસજી અને સ્વામી જગતપ્રકાશદાસજી અને સ્વામી મુક્તમુનિદાસજી આખો મહીનો પધારી ધૂનમાં પ્રેરીત કરી સર્વેને ખૂબ રાજી કરેલ. છેલ્લે મહંત પુ.સ્વામી મહાપુરુષદાસજી સર્વે યજમાનનું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ : શા.સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી

## હિરાપર ગામે ધનુર્માસની ઉજવણી

આપણા સંપ્રદાયના મંદિરોમાં ધનુર્માસનું એક વિશેષ મહત્ત્વ છે. અને તેની ઉજવણી હર્ષઉલ્લાસથી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે થાય છે.

ધનુર્માસની ઉજવણીનો પ્રારંભ તા.૧૬–૧૨–૧૨ થી ભકિતભાવપૂર્વક થયો, તા.૧૩–૧–૧૩ સુધી ઉજવણી કરવામાં આવી. વહેલી સવારે ભજન, કીર્તન સાથે ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો મહામંત્રની ધૂનમાં જોડાયા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) સાં.યો.રતનબહેનના માર્ગદર્શન હેઠળ કર્મયોગી બહેનો મહિલા મંડળ દ્વારા ધનુર્માસની ઉજવણી ઉજવવામાં આવી. કીર્તનો, પદો, તથા સંગીતના સથવારે ઉજવાના ઉત્સવમાં દરેક નાના મોટા ભકતો એ ભાગ લીધો હતો. પ્રસાદના યજમાનપદે સેવા આપી હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

– અહેવાલ : કાનજીભાઇ સુથાર – હિરાપર

## આમારામાં ઉજવાયો દાનપર્વ

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળને ૧૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે તે નિમિતે વિશેષ આયોજનમાં દર મહિને અવનવા આયોજન કરવા એવું સંતોએ નક્કી કર્યું છે. અતિ પવિત્ર મકરસંક્રાંતિ (દાનપર્વ) તા.૧૪–૧–૧૩ના રોજ ગામની ગાયોને ઘાસચારો આપવો એ માટે ફંડફાળો ભેગો કરી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના અમારાના યુવાનો તથા વડીલોએ ભેગા મળીને ગામની ગાયો અને ઠાકોરજીની મહેરબાનીથી તા.૧૪–૧૫–૧૬ એમ ત્રણ દિવસ સુધી ઘાસચારાની સગવડ કરી હતી અને ગૌમાતાને તૃપ્તી કરાવી હતી.

અહેવાલ : કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ–આમારા

# રવાપર મંદિરનો ૨૦મો પાટોત્સવ તથા તુલશી વિવાહ ધામધૂમથી ઉજવાયો

રવાપર ગામ મધ્યે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં બંન્ને મંદિરોને ૨૦ વર્ષ પૂર્ણ થતાં કારતક સુદ-૧૨ને તા.૨૫-૧૧-૧૨ના ૨૦મો પાટોત્સવ ઉજવાયો. ગામના સર્વે હરિભક્તોના ઘરો-ઘરથી આવેલ પાકા થાળ ભગવાન આગળ ધરી અન્નકુટોત્સવ ઉજવવામાં આવ્યો. સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી સહિત ભુજ મંદિરથી સ.ગુ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી રામસ્વરૂપદાસજી તથા સ.ગુ.સ્વામી ધર્મવલ્લભદાસજી વગેરે વડીલ સંતોએ પધારી દર્શન અને આશીર્વાદનો અનેરો લાભ આપ્યો. યજમાન એવા શ્રીજી સીરેમીક - મોરબીવાળા હરીભાઇ ભગત, તુલશીભાઇ ભગત તથા જીવરાજભાઇ ભગત તેમજ અ.નિ. વાલજી કાનજી ભગત પરિવાર તથા અ.નિ. લાલજી કાનજી ભગત પરિવાર તથા અ.નિ. વિશ્રામ કરશન ભગત પરિવાર તથા અ.નિ. ભાણજી નથુ વાસાણી પરિવારે સવિશેષ લાભ લઇ પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

વળી, તુલશીવિવાહ હર્ષોલ્લાસ સહ ઉજવાયો. તા.૨૪-૧૧-૧૨ના સવારે લાલજી મહારાજના માંડવા અને સાંજે ગામની મુખ્ય બજારોમાં વાજતે ગાજતે ફુલેકું કાઢવામાં આવ્યું. અને રાત્રે, ભુજથી પધારેલ શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી તથા ગાયક સ્વામી ધર્મવિહારીદાસજીએ કીર્તનો ગાઇ હરિભક્તોને ખૂબ રાસે રમાડ્યાં.

બીજે દિવસે પાટોત્સવ તથા તુલશીવિવાહ એમ બંન્ને પ્રસંગો નિમિત્તે અ.નિ. વાલજી કાનજી ભગત પરિવાર તરફથી બપોરે અને સાંજે હરિભક્તોને મહાપ્રસાદ જમાડીને તૃપ્ત કર્યા હતા. સાંજે લાલજી મહારાજના યજમાન પિતાશ્રી દિપક લધારામ ભગત નડીઆદવાળા તરફથી જ વરઘોડાનું ભવ્ય આયોજન કર્યું હતું, જે વાજતે-ગાજતે અને ધામધૂમથી આખા ગામમાં ફરી મંદિરના માંડવે આવ્યા હતા જ્યાં તુલશીબાઇના યજમાન કાન્તીલાલ હિરજી ભગત પરિવારે પવિત્ર બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક તુલશી વિવાહ કર્યો હતો. રવાપર ગામના બહાર વસ્તા પરિવારોની વિશાળ હાજરીથી પ્રસંગો વધુ દીપી ઉઠ્યા હતા.

અહેવાલ : દિનેશ જે. ભગત

# માનકુવા શ્રી સહજાનંદ ગુરૂકુલ દ્વારા દાન

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માને અતિ વહાલી ગૌમાતા (રાષ્ટ્રીય શાકાહારી પ્રાણી) ઉપર કાયમ વાત્સલ્ય વરસાવવાનો ભાવ હતો, તે ગાયોની સેવા તથા ઘાસચારો આપવામાં મોટું પુણ્ય છે. એ ન્યાયે ગત મકરસંક્રાંતિ ઉતરાયણના મહાદાનપર્વે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા યુવાનોએ ગામેગામ ગાયમાતાના ઘાસચારા માટે ઝોડીદાનનું અભિયાન ચલાવ્યું હતું અને દાનવીરશ્રીઓએ છુટા હાથે દાન પ્રવાહ વહેતો મુક્યો હતો.

તે અવસરને ધ્યાનમાં રાખી માનકુવા શ્રી સહજાનંદ ગુરૂકુલના વિદ્યાર્થીઓએ મીરઝાપરમાં રાત્રે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રાખેલ. તે પ્રસંગે પ્રેક્ષકોએ પ્રોગ્રામ નિહાળી ઉલ્લાસમાં આવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે રોકડ દાન જેટલું આપેલ તે ગાયમાતાના ઘાસચારા માટે અર્પણ કરવામાં આવ્યા હતા.

અહેવાલ : શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી

# વિવિધ ઉત્સવો : અંજાર

**મહા આરતી :** તા. ૬-૧-૧૩ના રોજ મહા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેના



યજમાન પદે પ.ભ. લખમશીભાઇ નાનાલાલ ઠક્કર પરિવારે લીધો હતો.

**ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ :** તા. ૧૩-૧-૧૨ થી શરૂ થયેલ ધનુર્માસ નિમિત્તે મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની સમીપે તથા સંતોના સાંનિધ્યમાં દરરોજ વહેલી સવારે એક કલાક ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધૂનનો સંગીતના સથવારે હજારો હરિભક્તોએ લાભ લીધો. દરરોજ ધૂન પૂર્ણ થયા બાદ મહંત સ્વામી હરિજીવનદાસજી આદિ સંતો તથા હરિભક્તોએ પ્રવચનનો લાભ આપ્યો. દરરોજ ધૂનના યજમાન



હરિભક્તો રહ્યાં. તા.૯-૧-૧૩ના ધૂનમાં વિશેષ પ્રસાદીના યજમાન પટેલ ગ્રુપ રહ્યા તથા ૧૪-૧-૧૩ મકરસંક્રાંતિના દિવસે ધૂનની સમાપ્તિ કરવામાં આવી. તથા એજ દિવસે સવારે વિશેષ પ્રસાદનો આયોજન કરવામાં આવેલ. જેના યજમાન કાનજીભાઇ માવજી નાકરાણી રહ્યાં. તથા સમગ્ર કાર્યક્રમના સંચાલક સ્વામી અક્ષરપ્રિયદાસજી રહ્યા હતા.

તા.૧૩-૧-૧૩ના રવિવારે પ્રભાતફેરી યોજવામાં આવી હતી. જે અંજારના દબડા વિસ્તાર તથા આજુબાજુની સોસાયટી વિસ્તારમાં ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધૂન સાથે હરિભક્તો-ભાઇઓ તથા બહેનો સાથે પ્રભાતફેરીમાં સ્વામી રામપ્રિયદાસજી તથા સ્વામી સુરતમુનીદાસજી સાથે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો સાથે રહ્યા હતાં.

ધૂનની પૂર્ણાહુતિના દિવસે આવેલ તમામ હરિભક્તો ભાઇઓ તથા બહેનોને ધૂનની યાદગીરીરૂપે ઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી (૫૦ વર્ષ) નો લોગો મિશ્રિત કિચેઇન ભેટ આપેલ. જેના યજમાન ઠક્કર સુરેશ નરસી, પ્રવીણભાઇ રાણા, મહેશભાઇ વેલજી ભગત, કિશોરભાઇ ખટાઉ તથા લખમશી નાનાલાલ ઠક્કર રહ્યાં હતા.

**શાકોત્સવ :** તા.૧૪-૧-૧૩ મકરસંક્રાંતિના દિવસે શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. મંદિરના પટાંગણમાં જ ''દિવ્યશાકોત્સવની ભવ્ય કથા'' થઇ જેના વક્તા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ પોતાની મધુરવાણીમાં - ભાવવાહી શૈલીથી સંગીતમય કથાનું રસપાન કરાવેલ. જેનો લાભ હજારો હરિભક્તો ભાઇઓ તથા બહેનોએ લીધો.




અંજાર મંદિરમાં કથા સમયે પણ મંદિરના ચોકમાં મહંત સ્વામી હરિજીવનદાસજી, સ્વામી હરિબળદાસજી વિગેરે સંતોએ દેશી ઘી માં વૈતાકનો વઘાર કરી, લોયા ગામમાં થયેલ શાકોત્સવનો આબેહૂબ દશ્ય ખડું થયું હતું, અને હરિભકતોએ દર્શન કરી કૃતાર્થ થઇ ધન્ય ધન્ય થઇ ગયા. ભુજ સ્વામિનારાયણ મંદિરેથી તથા સ્વામિનારાયણ ગુરુકુળ, ગાંધીધામથી સંતો પધારેલ. અને વડીલ સંત સ્વામી સનાતનદાસજી તથા સ્વામી કેશવજીવનદાસજીએ પોતાનું વકતવ્ય આપીને જણાવ્યું કે ''ભગવાન સ્વામિનારાયણ તથા નરનારાયણદેવમાં જ નિષ્ઠા રાખવી અને જ્યાં ત્યાં ભટકવું નહિ...'' જેટલી નિષ્ઠા પાકી તેટલો સત્સંગ પાકો. આપણે સૌ નરનારાયણદેવના થઇને જ રહેવાનું છે. તેમાં જ આપણું કલ્યાણ છે. રાજભોગ આરતીબાદ શાકોત્સવમાં ગામે ગામથી પધારેલ હજારો હરિભક્તો ભાઇ–બહેનોએ પ્રસાદનો લાભ લીધેલ, અને એજ દિવસે સાંજે સંગીતમય મહાઆરતી યોજવામાં આવી હતી. શાકોત્સવ અને મહાઆરતીના યજમાન ગં.સ્વ.પુષ્પાબેન માવજી ઠક્કર સુપુત્ર કિશોરકુમાર ખટાઉ ધ.પ.આશાબેન પુત્ર રવિકુમાર તથા દિપકકુમાર આદિ પરિવાર રહ્યા. મંદિરના મહંત સ્વામી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

તા.૨૦–૧–૧૩ રવિવારે નાની નાગલપરવાડી વિસ્તારમાં પ્રભાત ફેરી યોજવામાં આવી હતી. તથા સાંજે ૬ થી ૮ મંદિરના પટાંગણમાં વિશેષ સત્સંગ સભા રાખવામાં આવી. તથા ખીચડી કઢીનો મહાપ્રસાદ રાખવામાં આવ્યો હતો. જેમાં હજારો હરિભક્તો ભાઇ તથા બહેનોએ લાભ લીધેલ.

શાકોત્સવ બાદ – સેવા પરમોધર્મ સેવા કરવી એજ પરમ ધર્મ છે. તેમાંય અબોલજીવોની સેવા ઉત્તમોત્તમ છે. કૃષ્ણ ભગવાનને ગાય પ્રિય હતી. સ્વામિનારાયણ ભગવાનને પણ ગાય અતિપ્રિય હતી. અને સેવા કરતાં. એજ અનુસંધાને... શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજધામથી મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી મકરસંક્રાંતિના દિવસે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના નાની નાગલપરના અંજારના યુવાનો દ્વારા તથા મંદિરના સૂચનને ધ્યાનમાં લઇને હરિભક્તોએ ગાયના ચારાની સેવા કરેલ. તથા ભેળું થયેલ રકમનો ચારો તા.૨૨–૧–૧૩ના પોષ સુદ–૧૧ના દિવસે સંતો સાથે હરિભક્તો દ્વારા ગાયને ચારો આપવાનો કાર્યક્રમ ગોઠવાયો. જે અંજાર તથા આજુબાજુના ગામમાં ફરીને ગાયોને ચારો નિરાણ કરેલ.

**ધાબડા વિતરણ :** અંજાર મંદિર દ્વારા મહંત સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની આજ્ઞાથી સ્વામી



અક્ષરપ્રિયદાસજી તથા સ્વામી સુવ્રતમુનીદાસજી સાથે હરિભક્તો જોડાઇને અબડાસા તથા બન્ની વિસ્તારના ગામોમાં રૂબરૂ જઇને ગરીબ તથા જરૂરતમંદ લોકો ઠંડીથી બચવા ધાબડાનું વિતરણ કરેલ છે. સાથે અનાજ લોટ પણ આપેલ, તથા પક્ષીઓ માટે ચણ પણ નાખેલ છે.

**જરૂરતમંદ દર્દીને સહાય :** અંજારના કેન્સરગ્રસ્ત ૯ વર્ષના બાળકને અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. તે બાળકને આર્થિક



રૂપે સહાય મદદરૂપ થવા માટે મંદિરેથી મહંત સ્વામી હરિજીવનદાસજીના હસ્તે તેમના વાલીને રોકડ આર્થિક સહાય મંદિર દ્વારા કરવામાં આવી હતી.

અહેવાલ : રમણીક સોલંકી – અંજાર

## આમારામાં ઉજવાયો ૧૨મો શાકોત્સવ

શ્રી નરનારાયણદેવની કૃપાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ગામ આમારાની ઉત્તર દિશાએ આવેલ પવિત્ર સ્થળ કેનર નદીના કિનારે કેનરવીર હનુમાનજીની ગોદમાં તા.૨૬–૧–૧૩ના રોજ દિવ્ય શાકોત્સવનું આયોજન થયું. તેમાં ભુજથી ગામડાં ફરવા પધારેલ સંતો, પુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી વગેરે સંતો તથા ભુજથી પધારેલ પુ.સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા સ્વામી જગતવિહારીદાસજી વગેરે સંતોએ પધારી કથા રસપાન તથા આશિર્વાદની લ્હાણી કરી હતી. સાંખ્યયોગી બહેનોએ પણ દર્શન આપ્યાં હતાં. મિષ્ટાનના દાતા – આહિર વેલજી ભચા, શાક– નાકરાણી લાલજી રામજી, ખીચડી – ચવાણ ગોવિંદ મનજી, બાજરો – ચવાણ કેસરા મનજી રહ્યા હતા અને મહારાજની દયાથી સંતોએ સર્વે સત્સંગીઓને લોયાના એ શાકોત્સવની ઝાંખી કરાવી કૃર્તાથ કર્યા હતા.


અહેવાલ : કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ–આમારા


## અક્ષરવાસ

**અક્ષરવાસ :** ગામ ભુજના અ.નિ. ઠા.કિશોરભાઇ હરિભાઇ તન્ના (ઉ.વ.૫૪), તા.૭–૧–૨૦૧૩, સોમવારના રોજ અક્ષરવાસી થયેલ છે. શ્રીજી મહારાજ અક્ષરનિવાસી થયેલ પુણ્યાત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એ જ પ્રાર્થના.

**અક્ષરવાસ :** તા.૧૨–૧–૨૦૧૩ના રોજ ગામ નારાણપર (ઉ.વા.) રાવડીના પ.ભ. મનજીભાઇ ભીમજીભાઇ કેરાઇ ભાભાણી (ઉ.વ.૭૧) શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરધામ સીધાવ્યા છે. પોતાનું જીવન મંદિરને સમર્પિત કરી તેઓએ ૩૫ વર્ષ સુધી મંદિરની ફૂલવાડીમાં ગૌસેવા કરી અને ૫૫ વર્ષ નિષ્કામભાવ સાથે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સેવા કરી સંતોના આશીર્વાદ અને શ્રીજી મહારાજનો રાજીપો મેળવેલ. શ્રી સહજાનંદ મહારાજ અક્ષરનિવાસી આત્માને પોતાના ચરણ કમળનું સુખ આપે એજ પ્રાર્થના...

# માંડવી સ્વામિનારાયણ મંદિર મધ્યે ધનુર્માસ તથા શાકોત્સવ ધામધુમ થી ઉજવાયો





માંડવી શ્રી વૃન્દાવન વિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજ ના પવિત્ર સાનિધ્ય માં તા-૧૬-૧૨-૧૨ થી તા-૧૪-૧-૨૦૧૩ સુધી ધનુર્માસ ઉત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતકાળ માં સંગીત ના સુરો ના સથવારે કરછ શ્રી નરનારાયણદેવ ના યુવક મંડળ ના યુવાનો દ્વારા પ્રતિ દીન વિવિધ ધૂનો ની રમઝટ બોલાવાઈ હતી આ ધનુર્માસ અંતગર્ત વિવિધ ઉત્સવો ની ઉજવણી કરાઈ હતી.

તા-૨૨-૧૨-૧૨ ના રોજ ભવ્ય શાકોત્સવ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમા ભકતોએ શાક રોટલા સ્વરુપી ભોજન પ્રસાદ આરોગ્યો હતો. માંડવી મંદિર ના મહંત સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી એ સ્વહસ્તે શાક નો વઘાર આપી શાકોત્સવ નો મહીમાં સમજાવ્યો હતો.

તદુપરાંત ગોધરા તથા જખણીયા માં પણ ભવ્યાતી ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ ધનુર્માસ અંતર્ગત બહોળી સંખ્યા માં યજમાનપદ સ્વીકારી પ્રતિદીન ભકતો ને નૂતન પ્રસાદનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ ધનુર્માસ ને સફળ બનાવવા સંતો - ભકતો એ જહેમત ઉઠાવી હતી. સંતો દ્વારા તન-મન-ધન થી સેવા કરનાર તમામ સંતો -સાં.યો. બહેનો તથા ભકતો નુ બહુમાન કરાયુ હતુ.

અહેવાલ : શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરુપ દાસજી


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**


## અંજારને આંગણે ઉજવાશે
## શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવ

તા.૧૧-૪-૨૦૧૩ થી તા. ૧૫-૪-૧૩ સુધી ભવ્યાતીત ભવ્ય ઉજવણીના આયોજનમાં પોથીયાત્રા, ૫૧ હજાર દિપોત્સવ, સંતો દ્વારા યોગ શિબીર, સત્સંગિ જીવન પંચાહ્ન પારાયણ, મહા વિષ્ણુયાગ યજ્ઞ, ૫૧ સહિતા પાઠ, બટુકોને સમુહ યજ્ઞોપવિતી, રાજોપચાર પુજન, ભવ્ય પ્રદર્શન, ગૌસેવા, નેત્ર યજ્ઞ, ભવ્ય નગર યાત્રા, રાત્રિય સાંસ્કૃતિક કાર્યક્રમો, વિદ્વત્સંમેલનમ્, વેદ પારાયણ અને મહા અભિષેક, અન્નકૂટ દર્શન વગેરે આયોજનોનો લાભ લેવા સર્વે હરિભક્તોને ભાવ ભર્યુ હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કમ્પાલા - યુગાન્ડા

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કમ્પાલા–યુગાન્ડા મધ્યે ૧૫મો વાર્ષિક પાટોત્સવ તા.૨૬–૧૨–૧૨ માગસર સુદ–૧૩ થી તા.૩૦–૧૨–૧૨ માગસર વદ–૨ સુધી ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવેલ તેમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજનાં અ.નિ.મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીનાં મંડળનાં બ્રહ્મનિષ્ઠ વિદ્વાન સંતોએ આવી અને શ્રી વ્યાસમુનિ રચિત શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની કથાનું રસપાન કરાવેલું હતું.

તા.૨૮–૧૨–૧૨ શુક્રવાર માગસર સુદ–૧૫, અભિષેક, અન્નકુટ આરતી, અન્નકોટ દર્શન અને ધ્વજપૂજન કરવામાં આવેલ.

તા.૨૯–૧૨–૧૨ શનિવાર સાંજનાં ૮.૩૦ થી ૯.૦૦ વાગ્યા સુધી શ્રી ઘનશ્યામ બાલ મંડળ તથા બાલિકા મંડળ તેમજ શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ તથા યુવતી મંડળ મળીને સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો હતો. ત્યાર બાદ ભોજનરૂપી મહાપ્રસાદ રાખેલ હતો.

તા.૩૦–૧૨–૧૨ માગસર વદ–૨ના બપોરે ૧૦.૩૦ વાગ્યે કથાની પૂર્ણાહુતિ કરવામાં આવેલ હતી.

કથાનાં મુખ્ય યજમાન શ્રી ગામ સુખપરનાં પરમ ભક્ત મનજીભાઇ લક્ષ્મણ ભુવા સહ પરિવાર તરફથી ઉજવવામાં આવેલ હતો.

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર (કેન્ટન હેરો)નો સોળમો વાર્ષિક પાટોત્સવ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોનો વાર્ષિક પાટોત્સવ બુધવાર તા.૨૬–૧૨–૧૨ થી તા.૧–૧–૧૩ સુધી અતી ધામધૂમથી ઉજવવામાં આવેલ.

પાટોત્સવના યજમાન ગામ બળદીયાના પ.ભ.માવજીભાઇ વીરજી વિશ્રામ વેકરીયા ધ.પ.અ.સૌ.મેઘબાઇ સહપરિવાર રહ્યા હતા.

મંગળવાર તા.૨૫–૧૨–૧૨ના સાંજે વાજતે ગાજતે શ્રી નિલકંઠ હોલમાંથી પોથીયાત્રા શરૂ કરવામાં આવેલ અને સભાખંડમાં પોથીને મંડપમાં પધરાવવામાં આવેલ.

ભુજ મંદિરના પ.પૂ.સ.ગુ.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના માર્ગદર્શન હેઠળ પારાયણની શુભ શરૂઆત કરવામાં આવેલ.

આ શુભ અવસરે શ્રીમદ્ સત્સંગીજીવન ગ્રંથની કથા રાખવામાં આવેલ. પૂજ્ય પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી તથા પૂજ્ય પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ તેમને સહેલી ભાષામાં સંગીતના સૂરમાં કથાનું રસપાન કરાવેલ. સંગીતના સુરમાં પૂજ્ય સ્વામી વિવેકમુનીદાસજી અને યુવકો સાથમાં રહેલ.

ગુરૂવાર તા.૨૭–૧૨–૧૨ના સાંજે કથા પ્રસંગમાં શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ અતિ ધામધૂમથી ઉજવવામાં આવેલ. દરરોજ સાંજે બેંડ અને લેઝીયમના સુરમાં યુવકો તરફથી કીર્તન અને ધૂનમાં લહેર વરસાવવામાં આવેલ. ત્યારબાદ સાંજે રાસ ઉત્સવ રમવામાં આવેલ. શુક્રવાર તા.૨૮–૧૨–૧૨ના યુવતીઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. સાંજે મહાપ્રસાદ પીરસવામાં આવેલ. તેના યજમાન પદે ગામ બળદિયાના પ.ભ.મનજીભાઇ લાલજી વેકરીયા રહ્યા હતા.

શનિવાર તા.૨૯–૧૨–૧૨ સાંજે મંદિરના યુવકો તરફથી ભક્તિ સંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. સાંજે મહાપ્રસાદ પીરસવામાં આવેલ. જેના યજમાન પદે ગામ કેરાના અ.નિ.પ.ભ. પરબતભાઇ

કુરજી હાલારીયા ગં.સ્વ.અમરબાઇ પરબત હાલારીઆ હ.સુપુત્રો ધનજીભાઇ તથા વીરજીભાઇ રહ્યા હતા.

રવિવાર તા.૩૦–૧૨–૧૨ના યુવકો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. તેમજ મહાપ્રસાદ પીરસવામાં આવેલ જેના યજમાન ગામ નારાણપરના દીપેશભાઇ પ્રવીણ હિરાણી રહ્યા હતા. સોમવાર તા.૩૧–૧૨–૧૨ના સાંજે ધ્વજ રોપણની ઉજવણી કરવામાં આવેલ. શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનના યજમાનપદે ગોપાલભાઇ રત્ના લાધાણી, રાકેશભાઇ માવજી વેકરીયા તથા દીલીપભાઇ કરસન ભુડીઆ ઊંચો આંક આપી લાભ લીધેલ.

ભાઇઓના સિંહાસનના યજમાન બની સેવા કરવા ગામ કેરાના અ.નિ. પરબતભાઇ કુરજી હાલારીઆ ગં.સ્વ.અમરબાઇ પરબત હાલારીઆ હ.સુપુત્રો ધનજીભાઇ તથા વીરજીભાઇએ લાભ લીધો.

બહેનોના સિંહાસનની સેવાનો લાભ ગામ બળદીયાના પ.ભ.રવજીભાઇ હરજી ભોજાણી તથા ગામ સુખપુર રોહાના પ.ભ.મનજીભાઇ કેસરા હિરાણીએ લાભ લીધેલ.

મંગળવાર તા.૧–૧–૨૦૧૩ના વહેલી સવારે શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેક મંદિરના પુજારી શ્રી દિનેશ મહારાજે વેદોક્ત મંત્રથી સંતોના વરદહસ્તે કરાવી મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધેલ.

અભિષેક બાદ કથાની શુભ શરૂઆત કરવમાં આવેલ. કથા બાદ પૂજ્ય આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદનું શ્રવણ કરેલ. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામીનો શુભ આશીર્વાદ પત્ર વાંચવામાં આવેલ. અને પ.પૂ.સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ સહ તેમની અમૃતવાણીનો લાભ આપેલ. ત્યારબાદ મંદિરના ઉપપ્રમુખ શ્રી વાલજીભાઇ સામજી ડબાસીયાએ મહેમાનોનું તથા મંદિરમાં સેવા આપતા તમામ ભક્તોનો આભાર વ્યકત કરેલ. શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા પૂજ્ય સ્વામી મુકુન્દમુનીદાસજીએ સભામાં તેમની અમૃતવાણીનો લાભ આપેલ.

ત્યારબાદ મહેમાનોનું સન્માન કરવામાં આવેલ અને યજમાનશ્રીઓને પહેરામણી ભેટ કરવામાં આવેલ. ત્યારબાદ ધ્વજારોપણ કરવામાં આવેલ. પાંચે સિંહાસનમાં ઠાકોરજી આગળ અન્નકુટ ગોઠવવામાં આવેલ. આજના શુભ દિને મોટી સંખ્યામાં હરિભક્તો દર્શનાર્થે પધારેલ. ઠાકોરજીના થાળ જમાળ્યા બાદ આરતી ઉતારવામાં આવેલ. ત્યારબાદ દરેક હરિભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધેલ.

ભેટો : પાટોત્સવના યજમાનશ્રીઓ તરફથી શ્રી ઘનશ્યામ મહારાજના સુશોભિત વાઘાની ભેટ, એક સોનાનો ઝરમર ભેટ, ભુજ, માંડવી, અંજાર પ્રસાદીનું મંદિર ઠાકોરજીના થાળ, રસોઇ, ભુજ શ્રી નરનારાયણદેવને ભેટ. પાંચે સિંહાસનના અન્નકુટ થાળના યજમાન શ્રી હરિકૃષ્ણ મહારાજને ભેટ.

ગામ બળદિયાના પ.ભ.માવજીભાઇ ધનજી વેકરીયા તરફથી અન્નકુટ, દૂધ અને મસાલાની સેવા.

મહાપ્રસાદમાં તમામ દુધની સેવા રત્નાભાઇ દેવરાજ રાઘવાણી તરફથી Kingsbory Fruit And Vegetables (હીરજીભાઇ વાલજી હિરાણી) તરફથી અન્નકુટમાં તમામ ફળ અને શાક પાનની સેવા આપેલ.

ગોવિંદભાઇ કાનજી રાઘવાણી, ધર્મેન્દ્રભાઇ દેવજી જેશાણી તરફથી ભેટ.

સુરેશભાઇ શીવજી રાબડીઆ MP BROTHERS LTD. ભેટ

અહેવાલ : વાલજી સામજી દબાસીયા, મંત્રી શ્રી કાનજી મનજી કેરાઇ

## મોમ્બાસા

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, મોમ્બાસાની કાર્યવાહક સમિતિમાં શ્રી હીરજી કરસન હાલાઇ (સહમંત્રી), શ્રી રાજેશ પરબત વેકરીયા (સહમંત્રી), શ્રી કેતન વિઠલ કેરાઇ (ખજાનચી), શ્રી જાદવા ધનજી કેરાઇ (સહખજાનચી), તેમજ સમિતિના સભ્યો તરીકે સર્વશ્રી અરવિંદ મનજી વરસાણી, અરવિંદ નારણ વેકરીયા, ગોવિંદ રવજી વેકરીયા તથા જાદવા રામજી વરસાણીની વરણી કરવામાં આવી છે. અન્ય સભ્યોના નામ જાન્યુઆરી ૨૦૧૩ના અંકમાં પ્રકાશિત થયા છે.



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

## વસંત પંચમી-શિક્ષાપત્રી જયંતી

બાલ મિત્રો ! જય શ્રી સ્વામિનારાયણ આપણી ઉત્સવ પરંપરામાં 'વસંતપંચમી' નું અનેરું મહત્વ છે. વસંતઋતુ એક મહોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. તેની શરુઆત મહા સુદ પાંચમથી થાય છે. જેને આપણે વસંત પંચમી કહીએ છીએ, વસંત આવતા જ વૃક્ષ-વનસ્પતિ આદિમાં નવી કૂંપણો, નવા પાન બેસવા લાગે છે. અને ગઇકાલે નિર્જન લાગતા વન લીલીછમ વનરાઇથી ઝુમવા લાગે છે. વૃક્ષોમાં જાણે નવ યોવન આવ્યું હોય તેમ થનગનાટ વ્યાપી જાય છે, વાતાવરણ એટલું સુમધુર થઇ જાય છે.કે જાણે કુદરતે સમગ્ર સુષ્ટિને વનસ્પતિથી લીલા રંગે રંગી નાખી હોય વગડાઓમાં કોયલના ટહુકાઓ પણ વધી જાય છે. આ બધું વસંતના પ્રતાપે થાય છે. અને તેથી જ વસંતને ઋતુંઓનો રાજા ઋતુરાજ વસંત કહેવામાં આવે છે.

પાનખર આવતા વૃક્ષોમાં પાંદડા ખરવા લાગે છે. તેથી તે ગભરાઇ જતાં નથી પરંતુ વસંતની આવવાની રાહ જુએ છે. તેનો આ ગુણ મનુષ્યએ અપનાવા જેવો છે. જીવનમાં પાનખર-વસંત આવ્યા જ કરે પરંતુ એનાથી ગભરાઇ જવું નહિ અને હંમેશા જીવનમાં વસંત આવવાની રાહ જોવી જોઇએ.

વસંત પંચમીના આ પર્વને લોકો વિદ્યા અને બુદ્ધિની દેવી સરસ્વતીજીનું પર્વ માને છે. તેથી મહા સુદ પંચમીને દિવસે લોકો પોતાના જ્ઞાનને વધારવા, બુદ્ધિની દેવી મા સરસ્વતીનું પૂજન કરે છે. પાંચમનું આ પર્વ વિદ્યાર્થી ઓ દ્વારા વિશેષ રુપે મનાવવામાં આવે છે.

બાળમિત્રો ! આપણા સંપ્રદાયમાં વસંત પંચમીનો વિશેષ મહિમા છે. કારણકે ભક્તોના જીવનમાં હંમેશા સુખ-શાંતિરુપી વસંત ખીલેલી રહે તે માટે આ શુભ દિવસે શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી' લખેલી છે.

વિક્રમ સંવત ૧૮૮૨ વસંત પંચમીને દિવસે વડતાલમાં એકાંતમાં બીરાજી હાથમાં કલમ અને કાગળ લઇને લખવાનો પ્રરંભ કર્યો.

વામે યસ્ય સ્થિતા રાધા શ્રીશ્ચ યસ્યાસ્તિ વક્ષસિ ।
વૃન્દાવન વિહારંતં શ્રીકૃષ્ણં હૃદિ ચિન્તયે ।।

દેવભાષા સંસ્કૃતમાં એક પછી એક શ્લોક રચતા ગયા. જોતજોતામાં તો ૨૧૨ શ્લોકોના ગ્રંથની રચના કરી દીધી. નામ આપ્યું 'શિક્ષાપત્રી'

શિક્ષાપત્રી એટલે સત્સંગીની ઓળખ. શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ જ સર્વ જીવનું હિત કરનારી કહી છે અને મનવાંછિત ફળ દેનારી કહી છે. તેનું જે પાલન કરશે તે આલોક

અને પરલોકને વિશે મહા સુખીયા થશે એવા આશીર્વાદ આપ્યા છે. સાથે સાથે શિક્ષાપત્રીને પોતાનું સ્વરુપ કહીને દરરોજ વાંચવાની કે સાંભળવાની આજ્ઞા આપી છે. ને જો એ શક્ય ન હોય તો તેની પૂજા કરવાની આજ્ઞા કરી છે.

માટે બાલમિત્રો, દરરોજ સવારે વહેલા જાગી ભગવાનની પૂજા કરવી. અને એ પૂજામાં જ અંતે શિક્ષાપત્રીના પાંચ શ્લોકોનું વાંચન કરવું. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે કહેલી આજ્ઞાઓનું પાલન કરવાનો આગ્રહ રાખવો તો જ જીવનમાં વસંતની જેમ સુખ-શાંતિથી જીવન ખીલતું રહેશે.

## જ્ઞાનસરિતા

૧. શિક્ષાપત્રીનું ગુજરાતી ભાષંતર કોણ કરેલું છે ?
(અ) નિત્યાનંદ સ્વામી
(બ) દયાનંદ સ્વામી
(ક) શતાનંદ સ્વામી
(ડ) બ્રહ્માનંદ સ્વામી

૨. કેવું પણી ન પીવું જોઇએ ?
(અ) ગરમ (બ) ઠંડુ
(ક) ગાળ્યા વિના (ડ) મીઠું

૩. ભગવાનના સંબધથી આત્મનિવેદી ભક્તની સર્વે ક્રિયા કેવી થાય છે ?
(અ) સગુણ (બ) નિર્ગુણ
(ક) સારી (ડ) ભક્તિમય

૪. સત્સંગીઓએ શું ન રમવું ?
(અ) ક્રિકેટ (બ) તબલા
(ક) જુગાર (ડ) રમત

૫. ફુલવાડી બગીચામાં શું ન કરવું જોઇએ ?
(અ) મળમૂત્ર (બ) થૂંકવું
(ક) તોડફોડ (ડ) ત્રણેમાંથી એકેય નહિ

૬. ચોરી ન કરવીએ શિક્ષાપત્રીમાં કયા શ્લોકમાં આવે છે ?
(અ) ૧૭ (બ) ૧૫ (ક) ૧૮ (ડ) ૨૦

૭. બીજાની કઇ વાત જણતા હોઇએ તો પણ કોઇને કહેવી નહિ ?
(અ) ભક્તિ સંબધી (બ) ગુપ્ત
(ક) કથાની (ડ) દેશની

૮. મનુષ્ય માત્રે કેવું વસ્ત્ર ન પહેરવું જોઇએ ?
(અ) અંગ દેખાય તેવું (બ) ફાટેલું
(ક) ટાઇટ ફીટ (ડ) ત્રણે નહિ ?

૯. કોને ગાળ ન દેવી ?
(અ) મા-બાપને (બ) મિત્રને
(ક) શત્રુને (ડ) કોઇને નહી

૧૦. સત્સંગીઓએ કોનો સંગ ન કરવો ?
(અ) કૃતઘ્નીનો (બ) વ્યસનીનો
(ક) પાપીનો (ડ) અ, બ, ક, ત્રણેયનો નહિ

### :: આદર્શ બાળક ::

૧. આદર્શ બાળક દરરોજ શિક્ષીપત્રીનું વાંચલ કરે.
૨. મા-બાપ કે રોગી અને ગરીબની સેવા કરે.
૩. સારા મિત્રોને શિક્ષાપત્રીનો મહિમા સમજાવે અને શિક્ષાપત્રી વાંચવાની પ્રેરણા કરે.
૪. સારો બાળક કોઇ દેવ કે સાધુ બ્રાહ્મણની નિંદા ન કરે.
૫. કોઇની વસ્તુ પૂછ્યા વિના ન લે.
૬. ચોરી ન કરે.જુગાર ન રમે.પત્તા પણ ન રમે.
૭. તમાકુ,ગુટકાને તો અડે પણ નહિ. વ્યસનીનો તો સંગ પણ ન કરે.

## :: ઉખાણાં ::

૧. વાચા વીણ બોલ્યા કરે ચાલે છે વીણ પગ,
કાંટા પણ વાગે નહિ જાણે આખૂ જગ.

૨. દૂધનો એ દોહિતરો ને છે માવાનો બેટો,
બરફીનો છે ભાઇ એ સૌના મ્હોંમાં પેઠો.

૩. એક અચરજ એવું જોયું નદી છતાંય નહિ નીર, પહાડ છતાં પથ્થર નહિ ગામ છતાં નહિ વીર.


## :: ગત જ્ઞાનસરિતાના જવાબો ::

દેવાનંદ સ્વામી, ૬૪,૬૪, શંતનુ, પરશુરામ, સરદાર વલ્લભભાઇ, બંકિમચંદ્ર, દાન, સુસંસ્કાર,અ,બ,ક,ત્રણેય

## :: શબ્દ રચના ::

બાલ મિત્રો, નીચેના ખાનામાં કેટલાક શાસ્ત્રોના અક્ષરો વેરવિખેર થયેલાં છે. એ અક્ષરોમાંથી શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે માન્ય કરેલ આઠ શાસ્ત્રોના નામ શોધી કાઢો. પ્રત્યેક અક્ષરોનો ઉપયોગ એક જ વાર કરવાનો છે. ઉદાહરણ તરીકે 'વ્યાસૂત્ર' શાસ્ત્રનું નામ આપેલું છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વે | રા | ષ્ણુ | ચ | વિ | ઘ | વં | મ | ગી | ના | સ | યા |
| મૃ | ના | જા | દ્ | વ્યા | શિ | સ્ર | ત્સં | ન | ષ | ળ | ક્ષા |
| સિ | જી | હ | મા | વા | ક | ર | પ | સ | કા | ચ | દ્ |
| પ | વ | શ્રી | ભૂ | ષ | વિ | ણ | તા | ક્ય | ઘ | વ્ય | રિ |
| ત | ન | દ | લ્મ | દ | ત્રી | ર | વ | મ | લ | શ્રી | ચા |
| દે | ણ | રા | ગુ | ન | મ | ભા | દ | રુ | સ | વુ | જ |
| ભી | ષ્ય | તિ | ર | ઋ | સ | વ | થ | ક | ઘ | ની | ત્ર |
| [redacted] | | | | શિ | ત્રા | વા | દ | ની | ખ | ણ | ચ |
| [redacted] | | | | ર | યો | શા | યુ | ઘ | રા | શ્રી | ષ |
| [redacted] | | | | સ્મૃ | સાં | ષિ | ગ | ઘ | વ | ર | દ્ |
| [redacted] | | | | લ | ગ | મ્ય | સા | સુ | સ્ત્ર | તા | રુ |
| [redacted] | | | | ર | શ્રી | પ | ક્ત | ખ્ય | ર | ય | જ્ઞ |




[redacted]સરનામું

[redacted]..............................................................................................

[redacted]..............................................................................................

[redacted]......................તાલુકો....................ઉંમર.......

[redacted]..........................................................................................

ધો.............મો.ન.........................................................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૩૦૧/– | હરજી લાલજી પ્રેમજી હીરાણી | ભકિતનગર–માનકુવા | શ્રી ભાગવત સપ્તાહ પારાયણ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ હસ્તે સુપુત્ર હિતેશ |
| ૧૦૧/– | સુરેશ શિવજી કેરાઇ | ભકિતનગર–માનકુવા | પુત્ર શુશીલના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/– | કેશરબાઇ જાદવા જોધાણી | નવોવાસ–માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/– | દક્ષાબેન પ્રેમજી જોધાણી | નવોવાસ – માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/– | ડુંગરશીભાઇ ગોપાલ નીસર સહપરિવાર | નવાગામ–હાલે થાણા ભચાઉ | જગન્નાથપુરીમાં કથા પ્રસંગે ભેટ |
| ૫૦૦/– | વાલજી સામજી વેકરીયા | બળદીયા–ની.વાસ | સુપુત્ર ચિ.કાન્તિને ત્યાં પુત્ર રત્ન (યુગ)ના જન્મ નિમિત્તે ભેટ |
| ૫૫૧/– | નાનજી ધનજી સેંઘાણી | નારાણપર–રાવરી | સુપુત્ર ચિ.ધ્રુવના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૧/– | ઇશાન કિશોર વાલજી હાલાઇ | મેઘપર | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/– | ભીખાલાલ લાલજી હીરાણી | મિરઝાપર | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/– | અરજણ દેવજી કેરાઇ | રામપર–વેકરા | સુપુત્રી ચિ.કસ્તુરના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/– | દેવશી રવજી દબાસીયા | માધાપર | સુપુત્ર ચિ.મિતેષના લગ્ન નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/– | વિકાસ પ્રેમજી માવજી વેકરીયા | બળદીયા | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૫૦૧/– | પ્રવિણ વાલજી વરસાણી | ભારાસર | સુપુત્ર ચિ.દર્શિલના જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/– | હિમાંશુ લાલજી પિંડોરીયા | સુખપર–રોહા | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/– | હંસાબેન રમેશભાઇ વરસાણી | ભારાસર | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/– | અ.નિ.કરસન વેલજી ભુડીયા હસ્તે ધ.પ.કાનબાઇ | માધાપર | પંચાહ્ન પારાયણ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/– | અવનિ ગોવિંદ વેકરીયા | બળદીયા ઉ.વાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૧/– | માવજી કાનજી સેંઘાણી | નારાણપર ઉ.વાસ | વિષ્ણુ કન્સ્ટ્રકશનનું નવું કામ શરૂ કર્યું. તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૨૫/– | નીલભાઇ લાલજી ભુડીયા હસ્તે રત્નાભાઇ (દાદા) | મોમ્બાસા | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/– | શૈલેશ મનજી વેકરીયા | શીરવા–માંડવી | ધનુર્માસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/– | નિતીન પ્રવિણભાઇ વેકરીયા માતા નિર્મલાબેન | હાલે કિસુમુ–કેરા | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/– | હરેન્દ્ર શાંતિલાલ છાયા | ભુજ | પુત્ર ચિ.મેઘકુમારના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |



શ્રી સ્વામિનારાયણ મંદિર કંપાલા (યુગાન્ડા)માં
કથા પ્રસંગે આરતી ઉતારતા ભક્તો



ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ગરિબોને
ધાબળા તથા અન્નદાન અપાયું



આમારા : મકરસંક્રાતીને દિવસે ગાયોના ચરાનું
નહેર કરતા ભક્તો



ભુજમાં પૂર્ણીમાના દિવસે સાથીયો પૂરતાં બહેન ભક્તો




નારાણપર (પસાયતી) મકરસંક્રાતીને દિવસે ગાયોના ચારા માટે સંધ્યાફેરી તથા વિવિધ કાર્યક્રમો

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014





સેવાભાવી બહેનો વહેલી સવારે શાકોત્સવમાં રોટલા તૈયાર કરવા લાગ્યા હતા, ભુજ.

શાકોત્સવના યજમાનશ્રીને પહેરામણી આપતા સંતો, ભુજ





ચાલતી મહામંત્રની ધુનમાં તન્મય સંતો, ભક્તો અને નૃત્ય કરતા આપણા સત્સંગી યુવાનો, ભુજ.

ઈંગ્લીશ શ્રીમદ્ ભગવદ્ગીતાભાષ્યનું વિમોચન કરતા સંતો, ભુજ.











હેરો કેન્ટનના સ્વામિનારાયણ મંદિરમાં ઉમળકાભેર ઉજવાયેલ વાર્ષિક પાટોત્સવની આછી ઝલક